December 2025

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 21 • Issue 3 / 238

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર : • Mumbai • Page 32 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા વહાલા વતન,**
**પાટણના પટણીઓ**
**પ્રણામ !**

**''પ્રતિબિંબ''નો ડિસેમ્બર-૨૦૨૫નો આ છેલ્લો અંક આપના કરકમલમાં આવશે તેના થોડા જ સમય બાદ ઈસુનું નવું વર્ષ ૨૦૨૬નો નવો સૂર્યોદય થશે. ફરી ફરી આ દિવસો, મહિનાઓ આપણને કશુક નવું આપવા જ આવે છે, આ નવા વર્ષને ઉત્સાહ, ઉમંગથી વધાવીએ.**

**''હું શ્રેષ્ઠ અને સમૃદ્ધ બનવા જન્મ્યો છું'' આ પૃથ્વી પર મારે પણ અડગ આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારો સાથે મારું જીવન સુગંધી બનાવવું છે એવી ભાવના આપણે સહુ રાખીએ.**

**''ઉગતા હુઆ સુરજ, દુઆ દે આપકો,**
**ખિલતા હુઆ ફૂલ, ખુશ્બુ દે આપકો,**
**મૈ તો કુછ દેનેકે કાબિલ નહીં હું;**
**દેનેવાલા હજાર ખુશિયા દે આપકો.''**

**વર્ષ ૨૦૨૨, એપ્રિલની ૧ લી તારીખે** શ્રી પાટણ જૈન મંડળની ઓફિસમાં મારી કમિટીના સભ્યોએ સાથે મળીને શ્રી પાટણ જૈન મંડળની અન્ય સમાજોની વચમાં શ્રેષ્ઠ સમાજ તરીકે પ્રગતિ કરવા માટે પ્રોપર મુંબઈ અને પરાઓમાં રહેતા, કે દેશ-વિદેશમાં આપણાથી દૂર વસતા દરેકે દરેક પટણીઓને તેમના પરિવારજનો સાથે **શ્રી પાટણ જૈન મંડળની વિશાળ *Umbrella*** નીચે **સેવા, સહકાર અને સંગઠનની** ભાવનાથી એકત્ર કરવાનો જે વિચાર કર્યો હતો તે મુજબ સાંતાક્રુઝના આજીવાસન હોલમાં સર્વ પ્રથમ કાર્યક્રમનું આયોજન કરીને પ્રોપર મુંબઈ અને પરાઓમાં રહેતા પાટણ પરિવારોને સાથે જોડવાનું, એક ***Bridge*** બનાવવાનું કાર્ય કર્યું ત્યારે **૧.૩૫ કરોડ ભેગા થયા હતા.** ત્યારથી શરૂઆત કરીને આપણે પરિણામ સ્વરૂપે જોયુ કે દિન-પ્રતિદિન આપણો સમાજ હવે એક સાથે મળીને સારામાં સારા કાર્યો, પ્રોગ્રામો અને વિવિધ સામાજીક પ્રવૃત્તિઓ સુંદર રીતે કરી રહ્યા છીએ. વર્તમાન સમયે સહુને લાગે છે કે આપણી અને આપણા સમાજની પ્રગતિ થઈ રહી છે.

આ કાર્યોની અસર **'પ્રતિબિંબ'ના** માધ્યમથી અને એકબીજાના સહયોગ અને સથવારે ફક્ત અહીં પૂરતું કામ ન કરતા **શ્રી પાટણ જૈન મંડળ *USA*** માં પણ વસતા પરિવારો આપણી સાથે જોડાતા જાય અને દરેક પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લઈને ત્યાં પણ શ્રી પાટણ જૈન મંડળનું નામ રોશન કરે તેવી ભાવના સૌને હતી અને અમારી ભાવના અને ઈચ્છાને માન આપીને ***USA*** ના મિત્રો સાથે મિટિંગો કરીને આપણે એક **નવો *Bridge*** બનાવી શકયા અને સફળતા પ્રાપ્ત થઈ.

Cont. page 2

**શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહના નેતૃત્વમાં શ્રી વિરાજભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ સાંડેસરાની** ટીમ બનાવીને વર્ષ ૨૦૨૪માં શ્રી પાટણ જૈન મંડળ ***USA*** ની શાખા ચાલુ કરીને ***Tax Saving Certificate 501 (3)*** મેળવ્યું અને આપણી સંસ્થાને રેગ્યુલર રીતે ત્યાંથી ફંડ મળવાનું શરૂ થયું. ત્યાં પણ **ગેટ-ટુ-ગેધર** થાય છે. તાજેતરમાં **૮ નવેમ્બરના રોજ ન્યુજર્સીમાંથી ૯૫ થી વધારે અને શિકાગોથી ૬૫ થી વધારે પટણીઓ ભેગા થયા હતા ને ''ગમતાનો ગુલાલ''** કરી આનંદ મેળવ્યો હતો. હવે તેઓએ પણ નક્કી કર્યું છે કે વર્ષમાં આવી રીતે બે થી ત્રણવાર ભેગા થવાનું ***USA*** માં બીજા શહેરોમાં જ્યાં આપણા પટણીઓની વસ્તી વધારે છે ત્યાં પણ ***PJM Chepter*** શરૂ કરવા જેથી આપણા જ સમાજના લોકો એકબીજા સાથે સ્નેહ પ્રેમનો સેતુ રચી શકે.

આપણે માત્ર શ્રી પાટણ જૈન મંડળ ***USA Chepter*** થી સંતોષ નથી માનવાનો અહીં પણ બહારગામમાં જ્યાં આપણાં પટણીઓના પરિવારો છે તેઓને પણ આપણી સાથે, આપણી નજીક **પ્રેમ અને આત્મિયતાથી** જોડવા છે. આવી શુભ ભાવનાથી **૨૧ ડિસેમ્બરના રોજ અમદાવાદમાં અને ૪ થી જાન્યુઆરીના રોજ સુરતમાં વસતા પાટણના પરિવારોને આમંત્રણ આપીને સહુને સાથે રાખવા છે.** સાધર્મિકોને સહાય કરીને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તેનાં વિશે વિચાર વિમર્શ કરીને એમને પણ ગૌરવવંતુ સ્થાન મળે તો આપણા પટણીઓ અન્ય સમજો કરતા વધારે પ્રગતિ કરીને શ્રી પાટણ જૈન મંડળનું નામ રોશન કરશે.

**''અમારું શ્રી પાટણ જૈન મંડળ, સમૃદ્ધ શ્રી પાટણ જૈન મંડળ''નો નાદ ગુંજે.**

લોનાવાલા પ્રોજેક્ટ ખાતે હોલી ડે હોમ તથા નવગ્રહ જિનાલયનું કાર્ય શરૂ થઈ ગયું છે. **૨૮ ડિસેમ્બરથી જિનાલયનું કામ હાથ ધરવામાં** આવશે અને તા. ૧૦ જાન્યુઆરીથી ***"Holiday Home" નું*** કાર્ય પણ શરૂ થશે. ***"Holiday Home"*** માટે એક દાતા તરફથી એક રૂમના **રૂા. ૧૫ લાખનું ડોનેશન** મળ્યું છે. દાતાશ્રી **શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)**

**જિનાલય સ્કીમમાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી પાર્શ્વયક્ષમાં ૩૧.૫૦ લાખમાં અડધો લાભ મળી શકશે. અડધો લાભ અપાઈ ગયો છે. *"Holidya Home"* ની રૂમોમાં પણ ૩૦ લાખ અને ૧૫ લાખની સ્કીમમાં લાભ લઈ શકો છો. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહે ગૌતમસ્વામીની પ્રતિમાજીનો રૂા. ૩૧.૫૦ લાખનો લાભ લીધો છે.**

**અયોધ્યા-વારાણસી યાત્રા પ્રવાસમાં ખૂબજ જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. ૬૫૦થી વધારે યાત્રિકો જોડાયા છે. શ્રાવસ્તી, અયોધ્યા, વારાણસી તીર્થમાં ''શકસ્તવ પૂજન''નું આયોજન** કરવામાં આવ્યું છે. પરમાત્માની સાક્ષાત અનુભૂતિ થાય તેવા ભાવ સાથે યાત્રિકો સાથે મળીને આ પૂજનનો લાભ લેવા તૈયાર થઈ જજો.

અમે સહુ સાથે મળીન ***Flight + Hotel + Bus*** વિગેરેના ***Allotment's Planning*** કરી રહ્યા છીએ. **સોમવાર, તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના ગરવારે ક્લબ હોલ ખાતે સાંજે ૪.૦૦ કલાકે** દરેક યાત્રાળુઓ માટે એક મિટિંગ રાખવામાં આવી છે, ત્યાં જરૂરથી ઉપસ્થિત રહીને આપનું કવર મેળવી લેવા વિનંતી છે જેમાં તમારી ફ્લાઈટની વિગતો, તમારો સીટ નંબર, તમારી હોટલ વિગેરે વિગતોની જાણકારી આપવામાં આવી છે. ત્યારબાદ કોઈએ ઓફિસમાં આવીને પૂછપરછ કરવી નહીં. ત્યાં ***High Tea*** ની વ્યવસ્થા રાખવામાં આવી છે.

આપણે સહુ સાથે મળીને સાધર્મિક ભક્તિ રૂપે પરમાત્માની કૃપાથી ઘણી જ સારી રીતે અનાજ વિતરણનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છીએ. શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ અને તેમની ટીમને ધન્યવાદ.

**રૂા. ૨ લાખની રકમ અનાજ વિતરણ માટે અને રૂા. ૧ લાખ મેડિકલ સ્કીમ માટે** આપ સહુને અનુરોધ કરું છું. નમ્ર વિનંતી છે કે આપ સહુ ઉદાર દિલના દાતાઓ જાણો છો કે દિન-પ્રતિદિન વધતી જતી મોંઘવારીના કારણે અનાજના ભાવ વધતાં જાય છે, મેડિકલ સારવારનો ખર્ચો પણ દિવસે દિવસે વધતો જાય છે તો **''સાથી હાથ બઢાના''** શ્લોગનને અપનાવી સાથ-સહકાર આપતા રહેશો તેવી અમારી આશા છે.

**તા. ૩ જી જાન્યુઆરીથી *PPL Tournament*** નો પ્રારંભ જોરદાર તૈયારી સાથે થઈ રહ્યો છે. **બે મહિના સુધી દર શનિવાર -રવિવાર ક્રિકેટ રમાશે.** જેમાં **ડોનરો અને ટીમ હોલ્ડરો અને સ્પોન્સરો જેઓએ લાભ લીધા છે તે સૌને ધન્યવાદ આભાર અને અભિનંદન.** આ મેચો દ્વારા જ સમાજના નવયુવાનોમાં મિત્રતા અને **''બંધુત્વ સે પ્રેમ''ની** ભાવના જાગે છે, જે ભવિષ્યમાં પાટણ સમાજને સમૃદ્ધ બનાવવા, એકતા અને સંગઠનની લાગણી દ્વારા **''હમ સબ એક હૈ''** ના સૂત્રને અપનાવશે તેવી મારી અંતરની ભાવના છે.

આ ટુર્નામેન્ટ માટે આપણા ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ એમ. શાહ, શ્રી હિતેશભાઈ એમ. શાહ** અને તેમની ટીમને અભિનંદન અને સફળતા માટે શુભેચ્છા. ***"Best of Luck" to Every Team & Players* વર્ષ ૨૦૨૪-૨૫** દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળને પ્રાપ્ત થયેલ **દાનનો અહેવાલ, વાર્ષિક બુક દરેક સભાસદોને મોકલી રહ્યા છીએ.** દાતાઓના ઉત્તમ દાન થકી જ આપણી સંસ્થાએ વિકાસ કર્યો છે. સાધર્મિક ઉત્કર્ષ માટે દાનની ગંગા વહાવીને પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કર્યું છે સંસ્થા અને સમાજનાં પરિવારો ગૌરવ અનુભવે તેવા પ્રોજેક્ટો ***"Mile stone"*** જેવા બની રહ્યા તે માટે **આપ સર્વેનો હૃદયપૂર્વકનો આભાર. સંસ્થાના પ્રમુખ તરીકે હું તથા મારી સંપૂર્ણ ટીમ આપને નતમસ્તકે વંદન કરીને માનીએ છીએ. અનુમોદના કરીએ છીએ** આશા રાખીએ છીએ કે આવી જ રીતે શ્રી પાટણ જૈન મંડળનો આધાર સ્થંભ બનાવી, મજબૂત બનાવતાં રહેશો તેવી **''પંચાસરા પાર્શ્વનાથ દાદા''ના** આશીર્વાદ અને **પ. પૂ. શ્રી કલિકાલ હેમચંદ્રાચાર્યના** આશીર્વાદ સતત મારા, તમારા અને આપણા સહુના ઉપર વરસતા રહે તેવી પ્રાર્થના અને શુભેચ્છા.

**પાટણમાં ટીડીએસ વિદ્યાલયમાં તા. ૨૦-૧૨-૨૦૨૫ના રોજ ૧૦૦૦ બાળકો બેસી શકે એવો મોટો હોલ. સાથે હોલ ઉપર 88 KV ની સોલાર સિસ્ટમ અને ચાર ક્લાસનું સવારે શુભ મુહુર્તમાં દાતાશ્રીઓ દ્વારા ઈનોગ્રેશન કરવામાં આવ્યું.** મારો અને મારી ટીમનો એવો અભિપ્રાય ખરો કે **બીડીએસવી જે ૮૦ વર્ષ જુનું સ્ટ્રક્ચર છે** જેને રીપેર કરીને આખી સ્કુલ અદ્યતન બનાવીએ જેથી આવનારા વર્ષોમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય ને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય. આખો પ્રોજેક્ટ **3 CR** આસપાસનો છે જેની અમોએ દાતાઓ પાસે ટહેલ નાખી.

**માનનીય શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહની** સાથે વિચાર વિમર્ષ કરતા તેઓએ નૂતનીકરણના **મુખ્ય દાતાનો લાભ રૂા. ૭૫ લાખમાં** લઈને તરતજ સ્વીકૃતિ આપી.

**માનનીય શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલને** અપીલ કરતા તરતજ **રૂા. ૩૧ લાખમાં** સહાયક દાતા સ્વીકૃતિ આપી.

**૩ લોબી ગ્રાઉન્ડ ફ્લોરના રૂા. ૭ લાખના અને ૧ લા માળની લોબી રૂા. ૫ લાખમાં ત્રણ દાતાઓએ સ્વીકાર કર્યો.**

**ચાર દાતાઓએ ૩ લાખના ક્લાસરૂમ માટે મંજુરી આપી તા. ૨૧મી ની સાંજ સુધીમાં રૂા. ૧.૫૦ કરોડનું દાન પ્રાપ્ત થયું. બાકીના દાતાઓ માટેની સ્કીમ નીચે પ્રમાણે આપવામાં આવી છે.**

**૨૧ તારીખે સવારે અમદાવાદ** ખાતે ત્યાં રહેતા પટણીઓ માટે **ગેટ ટુ ગેધરના કાર્યમામાં ૨૭૦ થી વધારે પટણીઓ ભેગા થયા.** ગીત-સંગીતનો પ્રોગ્રામ ખુબજ આનંદથી સૌએ માણ્યો. **શ્રી પાટણ જૈન મંડળનું પ્રેઝન્ટેશન સ્લાઈડ શો** દ્વારા આપવામાં આવ્યું. જેમાં **હોલીડે હોમ અને નવગ્રહ જિનાલયનું પણ પ્રેઝન્ટેશન** હતું. **શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) તેઓએ રૂા. ૩૧.૫૦ લાખમાં ગૌતમ સ્વામીની પ્રતિમાનો અડધો (હાફ) લાભ લીધો. તેઓને ખુબ ખુબ અનુમોદના.**

સાથે સાથે ત્યાં દાતાઓ દ્વારા **રૂા. ૫૧૦૦૦/- થી ૧૧૦૦૦/- સુધીના દાન** મેળવીને **શ્રી પાટણ જૈન મડળ અમદાવાદ ચેપ્ટર શરુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.** તેમા ઘણા યુવાન કાર્યકરો જોડાયા જેનાથી **શ્રી પાટણ જૈન મંડળ અમદાવાદ ચેપ્ટર બહુ લાંબા સમય સુધી કાર્યરત રહીને સમાજના ઉત્થાન માટે કાર્ય કરશે અને ‘‘હેલ્થી પટણી - વેલ્થી પટણી’’ ના સ્લોગનને સાકાર કરશે.**

## બીડીએસવી નૂતનીકરણ દાતાશ્રીઓના નામ

**મુખ્ય દાતાશ્રી :** (૧) શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ — રૂા. ૭૫ લાખ

**સહાયક દાતાશ્રી :** (૨) શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલ — રૂા. ૩૧ લાખ

**ગ્રાઉન્ડ ફ્લોર લોબીના ત્રણ દાતાશ્રીઓ :**

(૧) શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (યુએસએ) — રૂા. ૭ લાખ
(૨) શ્રી અસીમભાઈ શિરીષભાઈ શાહ (બીડીએસવી. ફાઉન્ડર) — રૂા. ૭ લાખ
(૩) શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ) — રૂા. ૭ લાખ

**૧ લો માળ લોબીના ત્રણ દાતાશ્રીઓ :**

(૧) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા) — રૂા. ૫ લાખ
(૨) શ્રી જશવંતભાઈ શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ) — રૂા. ૫ લાખ
(૩) શ્રી તેજપાલભાઈ હિરાલાલ પટવા (ભૂતપૂર્વ વિદ્યાર્થી, ઉંઝા) — રૂા. ૫ લાખ

**ક્લાસરૂમના દાતાશ્રીઓ :**

(૧) શ્રી વસંતભાઈ છોટાલાલ દોશી (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમાદાવાદ) — રૂા. ૩ લાખ
(૨) શ્રી શૈલેષભાઈ કે. શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ) — રૂા. ૩ લાખ
(૩) શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ (કુંભારીયા પાડો) — રૂા. ૩ લાખ
(૪) શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો) — રૂા. ૩ લાખ

## નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે

**એક સહાયક દાતા રૂા. ૩૧ લાખ • ૨૧ ક્લાસરૂમના દાતાશ્રી રૂા. ૩ લાખ**
**ગોલ્ડન સ્ટોન રૂા. ૨ લાખ • સીલ્વર સ્ટોન રૂા. ૧ લાખ**

*"Colourful Sept, Tastiest Oct...*
*Beautiful Nov, Happiest Dec....."*
*Have a Victorious Year...*
*Hope I am First Person to Wish you "Happe New Year 2026..."*
*Once again let me thanks all the good People Like you who made 2025 beautiful for me & Every one.*

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કોસાંબી - વારાણસીની કુલ ૪૭ કલ્યાણક ભૂમિની પંચતીર્થ યાત્રા પ્રવાસ

| ક્ર. | સ્થાન | દિનાંક | આગમન | પ્રસ્થાન | કાર્યક્રમની રૂપરેખા |
|---|---|---|---|---|---|
| ૧. | મુંબઈ એરપોર્ટથી પ્રયાણ | ૨૧-૦૨-૨૦૨૬ અને ૨૨-૦૨-૨૦૨૬ | - | સવારથી | હવાઈ સફર દ્વારા શુભ પ્રયાણ<br>૨x૨ એસી લકઝરી કોચ દ્વારા શ્રાવસ્તી નગરી તરફ પ્રયાણ<br>રાત્રી વિશ્રામ |
| ૨. | શ્રાવસ્તી નગરી | ૨૨-૦૨-૨૦૨૬ | સવારે | ૧૪.૦૦ | શક્રસ્તવ અભિષેક (પૂજન)-નવકારશી સેવા-પુજા-ભોજન |
| | રત્નપુરી | ૨૨-૦૨-૨૦૨૬ | ૧૬.૩૦ | ૧૮.૩૦ | ચૌવિહાર - દર્શન-આરતી - ભક્તિ - પ્રયાણ |
| | અયોધ્યા | ૨૨-૦૨-૨૦૨૬ | ૨૧.૩૦ | - | હોટલમાં રાત્રી વિશ્રામ |
| ૩. | અયોધ્યા | ૨૩-૦૨-૨૦૨૬ | – | – | શક્રસ્તવ અભિષેક (પૂજન) - નવકારશી - સેવા - પૂજા - રામમંદિર દર્શન સાંજે ચૌવિહાર - આરતી - ભક્તિ - ભાવના - હોટલમાં રાત્રી વિશ્રામ |
| ૪. | અયોધ્યા | ૨૪-૦૨-૨૦૨૬ | – | ૦૮-૦૦ | નવકારશી - પ્રયાણ |
| | કોસાંબી | ૨૪-૦૨-૨૦૨૬ | ૧૨.૩૦ | ૧૬.૩૦ | સેવા - પૂજા દર્શન -ચા - નાસ્તો - ચૌવિહાર પ્રયાણ |
| | વારાણસી | ૨૪-૦૨-૨૦૨૬ | ૨૨.૦૦ | – | હોટલમાં રાત્રી વિશ્રામ |
| ૫. | વારાણસી | ૨૫-૦૨-૨૦૨૬ | – | ૦૯.૦૦ | શક્રસ્તવ અભિષેક (પૂજન) નવકારશી -ભેલુપૂર-ભદેની - સેવા-પુજા - ભોજન - ખરીદી - ચા - નાસ્તો - ચૌવિહાર ગંગા ઘાટ આરતી - હોટલમાં રાત્રી વિશ્રામ |
| ૬. | વારાણસી | ૨૬-૦૨-૨૦૨૬ | – | ૦૯-૦૦ | કાશી વિશ્વનાથ મંદિરના દર્શન -<br>નવકારશી - સેવા-પૂજા - સિંહપુરી - ચંદ્રપુરી દર્શન<br>ભોજન - ખરીદી - ચા-નાસ્તો, ચૌવિહાર -<br>સ્નેહમિલન - ભક્તિ સંગીત<br>હોટલમાં રાત્રી વિશ્રામ |
| ૭. | વારાણસી | ૨૭-૦૨-૨૦૨૬ | – | સવારથી | નવકારશી - ભોજન - હવાઈ સફર દ્વારા પ્રસ્થાન |
| | મુંબઈ એરપોર્ટ | ૨૭-૦૨-૨૦૨૬ | સાંજ સુધી | – | દૂર આગમન |

### વિશેષ સૂચના

૧. આ યાત્રા પ્રવાસમાં યાત્રિકોને વિમાન દ્વારા લાવવા તથા લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

૨. યાત્રા પ્રવાસમાં જોડાનાર સભ્યનું આધારકાર્ડ સાથે રાખવું જરૂરી છે. (ઓરીજીનલ સાથે ૫ ઝેરોક્ષ કોપી રાખવી)

૩. આ પ્રવાસ ૨x૨ લકઝરી એસી કોચ દ્વારા રહેશે. વારાણસીમાં લોકલ સાઈટસીન પ્રવાસ - ટેમ્પોટ્રાવેલ દ્વારા રહેશે.

૪. આ પ્રવાસમાં હોટલમાં એક રૂમમાં ૩ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવશે.

૫. સંપૂર્ણ પ્રવાસમાં મિનરલ વોટર તથા શુદ્ધ અને સાત્વીક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

૬. પ્રવાસમાં એકાસણા, બિયાસણા તથા આયંબિલની વ્યવસ્થા રાખવામાં આવી છે.

## ✡ શુભેચ્છા ✡



### તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

પ્રિય મિત્રો !

પ્રણામ

**સમગ્ર વિશ્વમાં ઈશુનું વર્ષ ઉપયોગમાં લેવાય છે પરંતુ આપણે ભારત દેશમાં બે નવા વર્ષની ઉજવણી કરીએ છીએ, તે છે દિવાળી અને નાતાલ. સાથે સાથે આ બન્ને તહેવારોની ઉજવણીનો પ્રારંભ નવા વર્ષની શુભેચ્છા આપીને કરવામાં આવે છે.**

આપણા સૌના જીવનમાં **"Greatiude and Beyond"** આભારની લાગણી કરતા પણ વિશેષ છે ''શુભેચ્છા'' **Well Wishes** આ શુભેચ્છા એટલે શું ? **શુભેચ્છા એટલે શુભત્વની બીજા માટેની ચાહના. રાતરાણીની મહેક અને ગુલાબના ગુલદસ્તા વડે ગુલાબી શુભ ભાવથી આપેલી આપણા મનની, હૃદયની ઈચ્છા ! શુભત્વનો ભાવ જે આપણે સાચા દિલથી વ્યક્ત કરીએ છીએ. શુભેચ્છા એ અંતઃકરણની ગંગોત્રી છે જેમાં માત્ર નિઃસ્વાર્થ પ્રેમનું ઝરણું વહે છે.** શુભેચ્છા આપવી એ પણ એક કળા છે એ રીતે શુભેચ્છા સ્વીકારવી એ પણ એક કળા છે. આ શબ્દો દ્વારા સમગ્ર વિશ્વના લોકો પ્રત્યે શુભ ભાવના વહેતી રહે છે. શુભ નિષ્ઠા અને સત્ય નિષ્ઠાનો સંચાર થાય છે. એક શક્તિ, એક ઉર્જાનો સંચાર થાય છે.

**તત્વ ચિંતક વિક્ટર યુગોએ કહ્યું છે કે; ''જીવન એક પુષ્પ છે અને પ્રેમ એ પુષ્પની મહેક છે, તેમ આપણે બીજાને સાચા હૃદયથી આપેલી શુભેચ્છા તેના જીવનમાં એક મહેક લાવે છે.** આ શુભેચ્છાને નિત્ય ક્રમમાં જોડી દઈએ તો ગમે ત્યાં હોઈએ - ઓફિસમાં, માર્કેટમાં, પ્રવાસમાં કે ઘરમાં તમારે એકજ કામ કરવાનું છે એ છે દરરોજના કાર્યક્રમમાં સ્નેહના અમી રસના છાટણા શુભેચ્છા રૂપે કરતા રહેજો. શુભેચ્યાની સારી સુંદર અસર જ્યાં પણ હોઈએ ત્યાં સકલ વિશ્વનું શુભ થાઓ કેન્દ્ર બની રહેવું જોઈએ.''

**માન સરોવરના જળ તરંગોની જેમ આપણા શુભ વિચારો મનમાથી વહેતા રહે છે. જીવનને જો મઘમઘતું બનાવવું હોય તો સૃષ્ટિના તમામ જીવો પર શુભ ભાવનાની લાગણી, વિચારોમાં પ્રેમની સૌરભ, મનની પ્રસન્નતાને એકાકાર કરવી જરૂરી છે.** જેવો આપણે શુભેચ્છાનો ભાવ સામેની વ્યક્તિ સાથે દર્શાવશુ કે તરત જ સામેની વ્યક્તિનો પ્રતિભાવ આપણા પ્રત્યે શુભત્વ ભાવ જગાવશે.

**શુભેચ્છા આપવા માટે દિલના દરવાજા ખુલ્લા રાખીએ.** સામેની વ્યક્તિ શ્રીમંત છે કે મધ્યમ છે, સુખી છે કે દુઃખી છે, શિક્ષિત છે કે અશિક્ષિત છે કોઈજ વિચાર નથી કરવાનો, માત્ર તે **વ્યક્તિની અંદર પરમાત્માનું નિવાસસ્થાન છે** તેમ માનીને શુભેચ્છા આપવાની છે.

**આશીર્વાદ** આપણને આપણા વડીલો શિક્ષકો અને ગુરુ ભગવંતો પાસેથી મળે છે. દેવગુરુ અને માતા-પિતા સમાન વડીલો સમક્ષ આપણું મસ્તક જુકે છે ત્યારે તેમના આશિર્વાદ મળે છે જ્યારે શુભેચ્છા આપણા સ્નેહીજનો, મિત્રો, આસપાસના વર્તુળોમાંથી સૌ કોઈની સાથે હાથ મીલાવીને શુભ ભાવનાથી લાગણી વ્યક્ત કરીએ છીએ.

**મિત્રો ! વર્ષ ૨૦૨૬માં આપણે નવા વર્ષને આવકારતાં શુભેચ્છાનો ગુલદસ્તો હૃદયમાં રાખીને રહીએ તો આપણું જીવન પણ એક મહેકતો ગુલઝાર બની જશે. નવા વર્ષને બદલાયેલા વર્ષનો એક અવસર કહીએ છીએ એક વર્ષથી બીજા વર્ષમાં પ્રવેશીએ એટલે સવારનો તડકો કોઈ બીજા રંગનો નથી આવતો કે સુરજનો સ્વભાવ બદલાતો નથી, ફુલો પણ એ જ મસ્તીથી ઉગે છે અને હવા-પવન પણ એજ રીતે વહેતા રહીને મનુષ્યને જીવંત રાખે છે. તો નવા વર્ષને નવું કેવી રીતે કહેવાય ? પર્યુષણમાં આપણે ''મિચ્છામિ દુક્કડમ્'' કહીએ છીએ, તે દ્વારા એકબીજાની માફી માગીને પુનઃ આપણે વહેવાર શરૂ કરીએ છીએ, દિવાળીના નૂતન વર્ષે ''સાલમુબારક'' કહીને નવા વર્ષને વધાવીને શુભેચ્છા આપીએ છીએ તેમ વર્ષ ૨૦૨૫ના વર્ષ વિદાય આપીને વર્ષ ૨૦૨૬ ને Wellcome કરતાં અરસપરસ સર્વેને 'Wish you Happy New Year'' સૌનું જીવન ઉત્સવ બની રહેશે.**

**''શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે,**
**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે.... ! !**

**પ્રતિબિંબના વાચક મિત્રોને નવા વર્ષની શુભેચ્છા. આપ સૌનું જીવન સુંદર, નિરોગી, બની રહે તેવી શુભ ભાવના.**

# જીવન સૌરભ - સુહાના સફર

શ્રી પાટણ જૈન મંડળની સિનિયર સીટીઝન ફોરમ જીવન સૌરભ દ્વારા **કન્વીનર શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા)** નેજા હેઠળ સુહાના સફર જુના નવા ગીતોનો પ્રોગ્રામ **૨૩ નવેમ્બર ૨૦૨૫ના રવિવારે સવારે ૯.૩૦ કલાકે પાટકર હોલ સભાગૃહ ખાતે** સંપન્ન થયો હતો. સવારે સિનિયર સીટીઝનની મેદની ઉમટવા લાગી **કન્વીનર શ્રી હિતેનભાઈ વિમાવાળાએ** ઉપસ્થિત મહેમાનોનું અભિવાદન કરી સ્વાગત કર્યું હતું.

સેક્રેટરી **શ્રી જયેશભાઈ હરસુખભાઈ શાહે** જીવન સૌરભના કાર્યની રૂપરેખા આપી આ સમિતિના ઉપક્રમે યાત્રા પ્રવાસો, સ્નેહ મિલન તથા મનોરંજન કાર્યક્રમોના આયોજન અવારનવાર કરવામાં આવે છે એમ જાણકારી આપી હતી.

આ પ્રસંગે ગાયક કલાકારોએ જુના નવા સુંદર ગીતો ગાઈને લોકોના મન જીતી લીધા હતા. કાર્યક્રમના મધ્યાંતરે સિનિયર સીટીઝનના મુખ ઉપર દેખાતી ખુશીના હકદાર આ **પ્રોગ્રામના સૌજન્ય દાતાશ્રી શ્રીમતી હિરાબેન પોપટલાલ શાહ (કનાસાનો પાડો), શ્રીમતી કુસુમબેન સનાલાલ જેશીંગલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો), શ્રી પૂજા નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો), શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર મોતીલાલ શાહ (કટકીયા વાડો), શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી) હતા તેઓનું બહુમાન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ, કન્વીનર શ્રી હિતેનભાઈ વિમાવાળા, શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ તથા શ્રી જયેશભાઈ કુમારપાળ શાહના વરદ હસ્તે શાલ તથા પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.**

**શ્રીમતી અને શ્રી ચંદ્રકાંતભાઈ અમરતલાલ શાહ, શ્રીમતી અરૂણાબેન નવનીતલાલ શાહ, શ્રી પ્રવિણભાઈ મણિલાલ શાહ વિગરે વરિષ્ઠ વ્યક્તિઓનું બહુમાન શ્રી હિતેનભાઈએ શાલ ઓઢાડી કર્યું હતું. પ્રમુખશ્રી દાનેશભાઈએ** પોતાના વ્યક્તવ્યમાં સંસ્થા વિશે વિસ્તારપૂર્વક જાણકારી આપી હતી. જીવન સૌરભના **કન્વીનર શ્રી હિતેનભાઈ વીમાવાળા, શ્રી જયેશભાઈ** અને તેમની ટીમની પ્રસંશા કરી હતી. તેઓને સારા કામ માટે બિરદાવ્યા હતાં. Lucky Drow રાખવામાં આવ્યો હતો.

જીવન સૌરભ સમિતિના દરેક સભ્યોના સહકારથી કાર્યક્રમ સફળ બન્યો હતો. એ માટે **શ્રી હિતેનભાઈ વીમાવાળા** દ્વારા સંપૂર્ણ સમિતિનો આભાર માનવામાં આવ્યો હતો. **શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ તથા શ્રી જયેશભાઈ કુમારપાળ શાહે** આભાર વ્યક્ત કર્યો હતો.

**સુંદરાબાઈ હોલ**માં ભોજન વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમાં લોકોએ સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું. કેટરર **શ્રી જશુભાઈનો** પણ આભાર માન્યો હતો. મંડળના **સ્ટાફ શ્રી અભયભાઈ, શ્રીમતી સુશિલાબેન, શ્રી ભુપેન્દ્રભાઈ** વગેરેનો આભાર માન્યો હતો.












શ્રી પાટણ જૈન મંડળ



શ્રી પાટણ જૈન મંડળ
જીવન સૌરભ સમિતિ આયોજિત
Mahendra Shah present
સુહાના સફર

શ્રી પાટણ જૈન મંડળ
જીવન સૌરભ સમિતિ આયોજિત
Mahendra Shah present
સુહાના સફર

શ્રી પાટણ જૈન મંડળ
જીવન સૌરભ સમિતિ આયોજિત
Mahendra Shah present











# બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન - ૪

**તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૫ ના દિવસે કાંદિવલી KES International School** ખાતે એક ભવ્ય અને ઉલ્લાસભર્યું **બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો.** ટુર્નામેન્ટમાં વિજેતા તરીકે **ફ્રેન્ડ્સ ક્રિકેટ ક્લબ (FCC) શ્રી જીગરભાઈ એન્ડ ફ્રેન્ડ્સ ટીમે** પ્રથમ સ્થાન મેળવ્યું જ્યારે નેમી ૧૧ ની ટીમ **શ્રી પીયુષ રાજેન્દ્રભાઈ શાહ** રનરઅપ તરીકે ચમકી.

આ સ્પર્ધાનું આયોજન અત્યંત વ્યવસ્થિત અને ઉચા સ્તરે કરવામાં આવ્યું હતું. મંડળના ઉપપ્રમુખ **શ્રી હિતેશભાઈ,** સ્પોર્ટ સમિતિના સેક્રેટરી **શ્રી યોગેશભાઈ અને શ્રી મિતેશભાઈ** તેમજ જોઈન્ટ સેક્રેટરી **શ્રી પરાગભાઈએ** ટુર્નામેન્ટનું સંપૂર્ણ સંચાલન અને કમાન સંભાળી હતી. આ સાથે કમિટી મેમ્બર શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ, **શ્રી ચિરાગભાઈ અને શ્રી જીગરભાઈ શાહે** સતત સાથે રહીને સ્પર્ધાને સફળ બનાવવા માટે મહેનત કરી હતી.

વિશેષ યોગદાન આપનાર ટુર્નામેન્ટના સ્પોન્સર્સ અને ઓનર્સ નો મોમેન્ટો આપીને સ્પોર્ટ્સ કમિટીએ આભાર વ્યક્ત કર્યો હતો. વિવિધ મિત્ર મંડળોએ પણ સાથ આપ્યો હતો.

આ **બોક્સ ક્રિકેટમાં ૧૮૦ ખેલાડીઓએ ભાગ લઈ** ખેલદિલીથી સાથે રમીને મેચ યાદગાર બનાવી હતી. દરેક મેચમાં ખેલાડીઓએ મજબૂત સ્પર્ધાત્મક ભાવના સાથે ઉત્સાહજનક પ્રદર્શન કર્યું અને પ્રેક્ષકો માટે પણ આ સ્પર્ધા રોમાંચક બની. વિજેતા અને રનરઅપ ટીમને ટ્રોફી અને મેડલો આપવામાં આવ્યા હતા.























**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

# શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

## અન્નદાન.... પુણ્ય મહાન

## ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

- મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,૦૦૦/–
- મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,૦૦૦/–
- સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
- ભોજન ખંડમાં ફોટો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,૦૦૦/– • દૈનિક ભક્તિ રૂા. ૫,૦૦૦/–

• સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન • સાધર્મિક ભક્તિ • મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ * મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

# SHREE PATAN JAIN MANDAL

PRESENTS

INIZIO BERYLLE PPL Co-sponsored by K. SEVANTILAL & CO.

## PATAN PREMIER LEAGUE-9

## TEAMS - OWNERS

**MTM RIDERS**



KAMLESHBHAI SHAH
HEMALBHAI SHAH

**KS KINGS**



RAVIBHAI SEVANTILAL SHAH

**CC MAVERICKS**



MANISHBHAI SHAH

**SPS SUPER STARS**



SANDEEPBHAI SHAH

**SK STRIKERS**



KETANBHAI SHAH
GAURAVBHAI SHAH

**NEW INDIA TITANS**



MINESHBHAI SHAH
BHAVIKBHAI SHAH

**TURF BLASTERS**



SUCHIT JAYRAJ SHAH

## SCHEDULE FOR PPL - 9

MTM RIDERS · KS KINGS · SPS SUPER STARS · CC MAVERICKS · SK STRIKERS · NEW INDIA TITANS · TURF BLASTERS

| Date | Time | Matches | Venue |
|---|---|---|---|
| 3 January 2026 | 10am | MTM Riders vs SPS Superstars | Somaiya |
| 3 January 2026 | 2pm | Turf Blasters vs CC Mavericks | Somaiya |
| 3 January 2026 | 6pm | KS Kings vs New India Titans | Somaiya |
| 4 January 2026 | 10am | Turf Blasters vs SPS Superstars | Somaiya |
| 4 January 2026 | 2pm | SK Strikers vs New India Titans | Somaiya |
| 4 January 2026 | 6pm | MTM Riders vs CC Mavericks | Somaiya |
| 10 January 2026 | 9am | MTM Riders vs KS Kings | MCA, Kandivali |
| 10 January 2026 | 1pm | Turf Blasters vs New India Titans | MCA, Kandivali |
| 11 January 2026 | 9am | SK Strikers vs CC Mavericks | MCA, Kandivali |
| 11 January 2026 | 1pm | KS Kings vs SPS Superstars | MCA, Kandivali |
| 17 January 2026 | 10am | SPS Superstars vs CC Mavericks | Mazgaon Cricket Ground, Kharghar |
| 17 January 2026 | 2pm | SK Strikers vs New India Titans | Mazgaon Cricket Ground, Kharghar |
| 18 January 2026 | 2pm | MTM Riders vs Turf Blasters | Mazgaon Cricket Ground, Kharghar |
| 24 January 2026 | 10am | SK Strikers vs KS Kings | Mazgaon Cricket Ground, Kharghar |
| 24 January 2026 | 2pm | MTM Riders vs CC Mavericks | Mazgaon Cricket Ground, Kharghar |
| 24 January 2026 | 6pm | Turf Blasters vs New India Titans | Mazgaon Cricket Ground, Kharghar |
| 25 January 2026 | 10am | KS Kings vs SPS Superstars | Mazgaon Cricket Ground, Kharghar |
| 25 January 2026 | 2pm | SK Strikers vs Turf Blasters | Mazgaon Cricket Ground, Kharghar |
| 31 January 2026 | 11am | CC Mavericks vs New India Titans | Jagannath Krida Sankul, Badlapur |
| 31 January 2026 | 3pm | MTM Riders vs KS Kings | Jagannath Krida Sankul, Badlapur |
| 31 January 2026 | 7pm | SK Strikers vs SPS Superstars | Jagannath Krida Sankul, Badlapur |
| 1 February 2026 | 10am | MTM Riders vs New India Titans | Jagannath Krida Sankul, Badlapur |
| 1 February 2026 | 2pm | SK Strikers vs KS Kings | Jagannath Krida Sankul, Badlapur |
| 1 February 2026 | 6pm | Turf Blasters vs SPS Superstars | Jagannath Krida Sankul, Badlapur |
| 7 February 2026 | 9am | SK Strikers vs CC Mavericks | MCA, BKC |
| 7 February 2026 | 1pm | MTM Riders vs SPS Superstars | MCA, BKC |
| 8 February 2026 | 9am | Turf Blasters vs KS Kings | MCA, BKC |
| 8 February 2026 | 1pm | CC Mavericks vs New India Titans | MCA, BKC |
| 14 February 2026 | 10am | MTM Riders vs Turf Blasters | SPJ, Lonavala |
| 14 February 2026 | 2pm | SK Strikers vs SPS Superstars | SPJ, Lonavala |
| 14 February 2026 | 6pm | KS Kings vs CC Mavericks | SPJ, Lonavala |
| 15 February 2026 | 10am | SPS Superstars vs New India Titans | SPJ, Lonavala |
| 15 February 2026 | 2pm | Turf Blasters vs CC Mavericks | SPJ, Lonavala |
| 15 February 2026 | 6pm | MTM Riders vs SK Strikers | SPJ, Lonavala |
| 21 February 2026 | 11am | Qualifier 1 | Somaiya |
| 21 February 2026 | 3pm | Eliminator | Somaiya |
| 22 February 2026 | 3pm | Qualifier 2 | Somaiya |
| 1 March 2026 | 4pm | FINALS | Somaiya |

# PATAN PREMIER LEAGUE 9.0
# SPONSORS FOR PPL-9 (2026)

Shree Patan Jain Mandal

| TITLE SPONSOR | TITLE SPONSOR | TITLE CO-SPONSOR & SIXES SPONSOR |
|---|---|---|
| INIZIO An Eternal Beginning | BERYLLE | K.SEVANTILAL & CO |
| TITLE SPONSOR | TITLE SPONSOR | CO-SPONSOR |

| | | | | |
|---|---|---|---|---|
| JERSEY & TRACK — SOMIRA DIAM | BOUNDARY SPONSOR — SUN RISE ENTERPRISES | TROPHY SPONSOR | FOOD SPONSOR | PLAYER OF THE SERIES — mtm |
| WICKET SPONSOR — Colour Coats | KIT SPONSOR — NEW INDIA CONSTRUCTIONS | HYDRATION SPONSOR — AMBICA | CAP SPONSOR — micron | DOT BALL SPONSOR — JK |
| MAN OF THE MATCH & APP SPONSOR — SK We Serve Since 1932 | BALL SPONSOR — PCC Patan Cricket Club | MEDICAL KIT — JAS | EMERGING PLAYER OF THE MATCH — macmerise | CATCH OF THE MATCH — DERMX |
| PHOTOGRAPHY SPONSOR — Hemant Tools | Z FACTOR OF THE MATCH — Z | TEAM PLAYER AWARD SPONSOR — Healing Pharma | PHYSIO SPONSOR — PHYSIORIDHAM | |

To see the live matches Subscribe our channel. YouTube
http://www.youtube.com/@patanpremierleague

To stay connect and get updates, follow our Instagram handle
PATANPREMIERLEAGUE




## વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.

**Rs. 25+6.5 = 31.5 Lc બે ભાગમાં સયુક્ત લાભાર્થી લાભાર્થી :**

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે
બીજા ભાગના લાભાર્થીનું નામ બાકી
જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે, આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૧૩ લાખ રહેશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

- **Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ
- **Rs. 1.50 Cr** Grand એન્ટ્રન્સ લોબી
- **Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
- **Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
- **Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
- **Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
- **Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે


**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ • શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી પાટણ જૈન મંડળ
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

### લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના મુખ્ય લાભાર્થી
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી
- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી) હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

### Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ • શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ – હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા – શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી–મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા – શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા – શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી – શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) – એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ–હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)


## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) – હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી – મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા – હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ – હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ – હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર – હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)

# PRIDE OF PATAN







**MET Institute of Management honours Monish Anilbhai Chandrakant Shah Sutariya** (Tamboliwado) with the Entrepreneurship Excellence Award 2025 .

At the MET Alumni Homecoming on 7th November 2025, the auditorium buzzed with nostalgia, pride, and applause as **Monish Anilbhai Shah.**

**Monish,** Founder and CEO of Illuminati Creative Digital Services, has been at the forefront of pioneering influencer marketing strategies that deliver measurable impact. With this honour, MET not only celebrates Monish's achievements but also the spirit of innovation and resilience he represents a reflection of what the institution stands for: empowering minds to lead with purpose in a rapidly evolving world.

Celebrating a decade-long journey in skating, **Kavya Shah,** the daughter of **Charmi Jayesh Jitendra Shah,** (Kotawala Family- Kanasano Pado) continues to shine on the national stage, having recently clinched **Two Gold medals and one Silver medal at the 63rd National Roller Skating Championship.** Alongside this achievement, she has crafted an inspiring sporting career while pursuing her academic pathway in **Medical sciences (Neuroscience) at the University of Toronto, Canada.** Her journey stands as a fine example of commitment, discipline, and the seamless balance between education in Canada and elite sport competitor in India.



# મારા ધર્મકાર્યનું સુંદર ફળ મળવાનું જ !

એક સમયે સ્તંભ તીર્થને નામે ઓળખાતા આજના ખંભાત શહેરની જાહોજલાલી હતી ચોર્યાસી બંદરના વાવટા અહીં ફરકતા હતા. ધનપતિ અને કરોડપતિઓની આ કુબેર નગરી કહેવાતી એક એકથી ચડે એવા ઉત્કૃષ્ટ બાંધણીવાળા જિનાલયો હતા. આખુ ખંભાત ધર્મમય પ્રવત્તિઓથી મંગલમય રહેતું.

ખંભાતના શ્રાવક ભીમજીના મનમાં વર્ષોથી એક ભાવના હતી કે, મારા શહેરમાં એક પૌષધશાળા (ઉપાશ્રય) બનાવું એણે પૌષધશાળા માટેની જગ્યા શોધવા માંડી, અનેક શ્રેષ્ઠીઓને મળ્યો જમીનના માલિકોને મળ્યો પણ ક્યાય એને આને માટેની યોગ્ય જગા મળી નહીં.

મનમાં ઘણી ગડમથલ ચાલી એક બાજુ વાસ્તવિક મુશ્કેલી હતી અને બીજી બાજુ તીવ્ર ધર્મભાવના હતી. આખરે એને થયું કે શહેરમાં જગા ન મળે તો કંઈ નહીં, શહેરથી થોડે દૂર પૌષધ શાળા બનાવું, એણે શહેરની નજીકમાં આવેલી જંગલ જેવી જગ્યામાં પૌષધશાળાનું નિર્માણ કર્યું. એ પૌષધ શાળામાં હાથી દાતની અદ્‌ભૂત કારીગરી કરી એવી સુંદર પૌષધ શાળા બનાવી કે અહીં ધર્મક્રિયા માટે આવનાર પ્રસન્નતા પામીને જતા હતા.

સારા કામની નિંદા કરનારાઓને તો નિંદા કરવાની તક મળે છે. કોઈએ ભીમજીની મજાક કરતા ટોણો માર્યો અને કહ્યું, ''અરે, તમે તો ગામના ઠેઠ છેવાડે પૌષધશાળા બનાવી, આનાથી શું લાભ થશે ? આનો શું અર્થ છે ?''

ભીમજીએ નમ્રતાપૂર્વક ખુમારી સાથે જવાબ આપ્યો, ''ભાઈ ! મારો હેતું તો ધર્મલાભનો છે, એકાદ વ્યક્તિ પણ અહીં પ્રતિક્રમણ માટે પધારશે, તો એનાથી મારી ભાવના ધન્ય થઈ જશે.''

''આમ એકાદ વ્યક્તિને માટે કંઈ આટલો મોટો ખર્ચ કરાતો હશે ?''

''અરે ! કોઈ કાપડની ફેરી કરતો શ્રાવક બીજા શહેરથી ખંભાત તરફ આવી રહ્યો હોય, પગપાળા ચાલતા પડી ગયો હોય અને આવે સમયે આવા જંગલમાં એ ઉપાશ્રય જોશે ત્યારે એ કેવો નિરાંતનો શ્વાસ લેશે એ વિચારશે કે અહીં નિરાંતે મુકામ કરું અને મારી પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ અહીં બેસીને કરું. પેલા નિંદાખોરે કહ્યું, ''આમાં શું મોટી ધાડ મારી, તમે તો તમારા પૈસાનું પાણી કરી નાખ્યું.''

''પાણી ? કોનું પાણી ? અરે, મારે માટે તો આ પૌષધશાળામાં આવીને કોઈ નમસ્કાર મહામંત્રનો જાપ કરશે, તો પણ મારી બધીજ મહેનત લેખે લાગશે.''

''અહોહો ! તમે તો ખરા ! આટલું બધું ધન વાપર્યું હોય અને એનો આટલો જ ઉપયોગ ? કોઈ કામ કરતા પહેલાં જરા થોડો લાંબો વિચાર તો કરીએ !'' આટલે દૂર આ જંગલમાં કોણ આવવાનું છે ?

ભીમજીએ આત્મવિશ્વાસથી કહ્યું, અહીં જરૂર ધર્મઆરાધના થશે મને પાકો વિશ્વાસ છે થોડા સમયમાં તમે જોશો કે આ પૌષધશાળા ધર્મક્રિયાઓથી ધમધમતી હશે. પેલી વ્યક્તિએ કહ્યું, ''ઓહ ! આવતી કાલે શું થશે એની આજે આગાહી કરી રહ્યાં છે ? ભીમજી શ્રાવકે કહ્યું; ''ભાઈ ! મારી પાસે પ્રત્યેક પૈસો ન્યાયોપાર્જિત છે. મેં અણહકની એક પાઈ પણ લીધી નથી ખુદ ભગવાને કહ્યું છે કે તારો વૈભવ એટલે ધન-સંપત્તિ ન્યાયોપાર્જિત હોવા જોઈએ જેમાં આવું ધન વપરાયું છે, એનું સુંદર ફળ મળવાનું જ એવી મને દ્રઢ શ્રદ્ધા છે.

પેલો ટીકા કરનાર અંતે થાક્યો અને ભીમજીથી દૂર જતો રહ્યો.

બન્યું પણ એવું કે જ્યાં પૌષધ શાળા હતી, તે તરફ ખંભાતનગર વિકસવા લાગ્યું, જૈનોની વસ્તી પૌષધશાળાને કારણે અહીં, વસવા માંડી. ગુજરાતના અન્ય ગામોમાં જતાં આવતા પૂ. ગુરુભગવંતો સ્થિર થવા માંડ્યા. લોકોની ધર્મઆરાધના વધવા લાગી. સમય જતાં નગરના છેડા પર આવેલી પૌષધશાળા હવે ખંભાતના મધ્યભાગમાં આવી ગઈ. આખરે ભીમજીની ભાવના ફળીભૂત થઈ અને એની શ્રદ્ધા સાકાર થઈ તેને ચોક્કસ ખાતરી હતી. વિશ્વાસ અને શ્રદ્ધા હતી કે, ''મારા ધર્મકાર્યનું સુંદર ફળ મળવાનું જ !''

**સંકલન : ભારતી શાહ**



**YOUR SUPPORT IS OUR STRENGTH**

# આવા પણ કોઈક વિદ્યાર્થી હોય છે ખરા...

''નમસ્તે સાહેબ'' પ્રભુદાશ યાને પરભો હાઈસ્કૂલના આચાર્યની કેબીનમાં જઈ ખરા દિલથી પગે લાગ્યો.

સાહેબ મને ઓળખ્યો ? હું પ્રભુદાસ શંકરલાલ પટેલ. આપની શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી, આપને તથા મારા ભૂતપૂર્વ શિક્ષક માનનીય શ્રી અરવિંદભાઈ ભટ્ટસાહેબને મળવા આવ્યો છું. પ્રભુદાસે પોતાનો પરિચય આપતાં કહ્યું:

સાહેબ, ભૂતકાળમાં હું વિદ્યાર્થી હતો ત્યારે ભટ્ટસાહેબની વિનંતિથી આપે મને જે આર્થિક મદદ કરી હતી. તેનું ઋણ ચૂકવવા આવ્યો છું.

પ્રભુદાસ ઋણ ચૂકવવાની વાત સાંભળી આચાર્યશ્રી કંઠમાં થોડી નમ્રતા લાવી બોલ્યા, તમારી ઓળખાણ પડી નહીં. થોડીક ઊંડાણથી વાત કરો એટલે ખ્યાલ આવશે.

હા, સાહેબ, હું બાર વર્ષનો હતો ત્યારે આઠમાં ધોરણમાં ભણતો હતો. તે સમયે, આઠમાં ધોરણની માસિક ફી પાંચ રૂપિયા હતી. સ્ટાફ મિટિંગમાં આપે ફીની કડક ઉઘરાણી કરવા શિક્ષકોને સૂચન કરેલું અને તે બાબતની નોટિસ કાઢેલી, કે જે વિદ્યાર્થીની ફી બાકી હોય તેમને વર્ગમાં બેસવા દેવા નહીં.

મારા પિતાની ખાસ આવક નહીં હું વર્તમાનપત્રોની ફેરી કરી ફીની રકમ સ્વબળે મેળવી લેતો હતો. મારા વર્ગશિક્ષક આ વાત જાણતા હતા. મારા વર્ગના બધા વિદ્યાર્થીઓ ફીની રકમ સ્વબળે મેળવી લેતો હતો. મારા વર્ગશિક્ષક આ વાત જાણતા હતા. મારા વર્ગના બધા વિદ્યાર્થીઓ ફીની રકમ જમા કરાવી શક્યા. પણ તે માટે મારી અશક્તિ હતી. હું રડી પડ્યો. તે સમયે વર્ગશિક્ષકને માસિક પચાસ રૂપિયાનો પગાર મળતો હતો. હું તેજસ્વી વિદ્યાર્થી હતો. અને મારી આર્થિક સ્થિતિ તેઓ જાણતા હતા. એટલે મારી ફીની રકમ તેમણે શાળાની ઓફિસમાં જમા કરાવી દીધી.

પછી શું ?

તેઓ તમને મળવા આવ્યા. અને મારી પરિસ્થિતિની જાણકારી આપી. મને ફી માફ આપવા તેમણે આપને વિનંતી કરી પણ આપે ના પાડી.

પછી વર્ગશિક્ષકે શું કર્યું ?

બીજે દિવસે વર્ગશિક્ષકે ફરીવાર આપને વિનંતી કરી તે વખતે વર્ગશિક્ષકની સલામતી ન હતી. ઘરકામ કરતા ઘાટીની માફક શિક્ષકને ગમે ત્યારે છૂટા કરી શકાતા હતા. આપે ભટ્ટસાહેબને કહેલું કે ઓફિસના કામમાં દખલગીરી કરવી હોય તો છૂટા થઈ જાવ.

પછી ?

વર્ગશિક્ષક ભટ્ટસાહેબે સ્વમાની હતા, સચ્ચાઈના પંથે વિહરનાર હતા. તેઓ વિદ્યાર્થીપ્રેમી અને શિક્ષણપ્રેમી હતા. વિદ્યાર્થીઓને સાચા દિલથી ચાહતા હતા. વિદ્યાર્થીઓ પણ તેમને ચાહતા હતા. રાજીનામાનો કાગળ લઈ તેઓ તમારી પાસે આવ્યા અને મારા માટે ફરી રજુઆત કરી. આપ સમજી ગયા અને રાજીનામાનો કાગળ તેમના દેખતા જ ફાડી નાખ્યો. અને મારા જેવા તેજસ્વી પણ ગરીબ વિદ્યાર્થીને, ફી માફી આપવાનું વચન આપ્યું અને તે અંગેની જાહેરાત પણ નોટિસ દ્વારા કરી.

અત્યારે શું કરો છો ?

સાહેબ, આપની અને ભટ્ટસાહેબ જેવાની કૃપાથી મેટ્રિકમાં ૯૫ ટકા માર્ક લાવી ઉત્તીર્ણ થયો. આપે મારું અને શિક્ષકોનું બહુમાન કર્યું. મને ફી માફી મળી ન હોત તો ઘરડા મા-બાપ અને કુટુંબની સેવામાં ૯૫ ટકા ગુણાંક સાથે પાસ થઈ ઉચ્ચ અભ્યાસ કરી શક્યો ન હોત.

હા, અત્યારે શું કરો છો ?

અત્યારે અમેરિકામાં સિલીકોન વેલીમાં આઈ.ટી. ક્ષેત્રે મારી નામના છે.

એન્જિનિયરિંગ ક્ષેત્રે અને અમેરિકા જવા માટે કોણે મદદ કરેલી ?

જ્ઞાતિના વડિલોએ અને મારા હિતેચ્છુઓએ. આ બધાનો હું ઋણી છું અને એ ઋણ ચૂકવવા જ ભારત આવ્યો છું.

તમારી સાથેની વાતચીતથી મને ઘણું જ્ઞાન થયું. શિક્ષણને વ્યાપાર ન માનતા, વિદ્યાર્થીઓના હિતમાં આચાર્યો અને શિક્ષકો પ્રયત્નશીલ બને તો આપણો દેશ 'સુજલામ સુફલામ બની અમેરિકાને પણ ટક્કર મારે.'

ચાલો સાહેબ, રજા લઉ છું. ફૂલપાંખડીરૂપે આ પચ્ચીસ લાખ રૂપિયાનો ચેક આપું છું તે સ્વીકારશો અને તેનું ટ્રસ્ટ કરી તેની વ્યાજની આવકમાંથી તેજસ્વી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરશો તેવી અપેક્ષા રાખું છું.

ટ્રસ્ટનું નામ 'પ્રભુદાસ શંકરલાલ પટેલ વિદ્યાર્થી સહાયક ટ્રસ્ટ' રાખીશું.

ના સાહેબ, ટ્રસ્ટનું નામ 'અરવિંદભાઈ ભટ્ટ વિદ્યાર્થી સહાયક ટ્રસ્ટ' રાખશો અને ટ્રસ્ટી મંડળમાં તેમને રાખશો. એવી વિનંતિ છે.

'આભાર!'

ના, સાહેબ! આભાર મારે તમારો માનવાનો હોય, મારે ભટ્ટસાહેબને મલવું છે તો તેમને મળવાની મને રજા આપશો.

દિલગીર છું. તેઓ ગઈ કાલે જ નિવૃત્ત થયા. તેમનું સરનામું અને કોન્ટેક્ટ ટેલિફોન નંબર આપૂં છું.

સ્કૂલમાંથી આચાર્યને મળી પ્રભુદાસ સીધા જ પોતાના એક સમયના વર્ગશિક્ષક ભટ્ટસાહેબને મળવા ગયા.

ભટ્ટસાહેબ તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીને જોઈ ભેટી પડ્યા અને બોલ્યાઃ ભાઈ! હવે તમને 'પરભો' કેમ કહેવાય? તમે હજુ તમારા ભૂતપૂર્વ વર્ગશિક્ષકને ભૂલ્યા નથી તે આનંદની વાત છે.

સાહેબ, સાંદીપની ગુરુજીને કેમ ભુલાય?

જે શિક્ષકોને શિક્ષણમાં અને પોતાના વિદ્યાર્થીઓના ભાવિ કલ્યાણમાં રસ છે. તેવા, શિક્ષકોને તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભૂલી શકતા નથી. ભટ્ટસાહેબે પોતાના પત્નીને બોલાવી પ્રભુદાસની ઓળખાણ આપી અને વિદ્યાર્થીપ્રેમી અરવિંદભાઈ ભટ્ટ સાહેબની આંખ ભીની થઈ ગઈ.

પ્રભુદાસ ઊભા થતાં બોલ્યા; સાહેબ! આપની કૃપાથી અમેરિકામાં સિલીકોન વેલીમાં આઈ.ટી. ક્ષેત્રે નામના અને ધન પ્રાપ્ત કરી ચૂક્યો છું. આજે હું જે સ્થિતિમાં છું એ આપને આભારી છે. મેં શાળાના આચાર્યશ્રીને પચ્ચીસ લાખ રૂપિયાનો ચેક આપ્યો છે તેનો સદુપયોગ ગરીબ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કરવા વિનંતી છે.

ભાઈ, આટલી મોટી રકમ?

તમારી મારફત આપણી શાળાના ગરીબ, તેજસ્વી વિદ્યાર્થીઓને મદદરૂપ થવા આ રકમ આપી છે. તમે કહેતા હતા કે 'વિદ્યાદાન શ્રેષ્ઠ દાન છે..' અને તમે મારા જેવા વિદ્યાર્થીઓને શાળાના સમય બાદ મફત ટ્યુશન આપતા હતા. મારે તમને અમેરિકા લઈ જઈ ઋણ ચૂકવવું છે.

ભટ્ટસાહેબ ના પાડતા રહ્યા. પણ પ્રભુદાસે ભટ્ટસાહેબ અને એમની પત્ની ગુરુપત્ની માટે વિઝાની વ્યવસ્થા કરી લીધી. વિઝા મળી રહ્યા પછી એર ટિકિટની પણ વ્યવસ્થા થઈ ગઈ.

નિયત દિન અને સમયે એરોપ્લેને રન-વે છોડ્યું અને ગગનમાર્ગે ગતિ કરી. ભટ્ટસાહેબ તથા તેમના પત્નીને લઈને

**વિદ્યા-દાન, મહાન દાન છે.**


નવેમ્બર-૨૦૨૫, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | | | |
|---|---|---|---|
| શ્રી ભવ્ય નિલેશકુમાર શાહની દિક્ષા નિમિત્તે હ. શ્રીમતી વૈશાલીબેન નિલેશકુમાર શાહ પરિવાર (વખતજીની શેરી)(ગોરેગામ) | ૫૪,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ | ૧૫,૦૦૦ |
| | | શ્રી કાળભૈરવ મંદિર ટ્રસ્ટ, (પાટણ૦ | ૧૫,૦૦૦ |
| | | શ્રીપતી જૈન સંઘ, (ખેતવાડી) | ૧૫,૦૦૦ |
| શ્રી નરેન્દ્રભાઈ મફતલાલ શાહ (ચૌધરીની શેરી) | ૫૧,૦૦૦ | ડૉ. સ્મીતાબેન ઈન્દ્રવદનભાઈ શાહ (લીમડીનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી ઢંઢેરવાડો મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ (ઢંઢેરવાડો) | ૪૪,૬૪૦ | શ્રી શાંતિનાથ ફાઉન્ડેશન | ૧૧,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. (Nariman Point) | ૩૭,૦૦૦ | શેઠ વાડીલાલ સારાભાઈ દેરાસરજી ટ્રસ્ટ, (પ્રાર્થનાસમાજ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી રસિલાબેન હરસુખલાલ બાપુલાલ શાહ મેમોરીયલ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) (લખિયારવાડો, કનાસાનો પાડો) | ૨૭,૦૦૦ | શ્રીમતી નીનાબેન રાજેન્દ્રભાઈ શાહ (ચૌધરીની શેરી) | ૧૧,૦૦૦ |
| | | શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહની લગ્નતિથિ નિમિત્તે (અબજી મહેતાનો પાડો) | ૨૧,૦૦૦ | શ્રી યોગેશભાઈ નવિનચંદ્ર શાહ (મલ્લાતનો પાડો) | ૧૧,૦૦૦ |
| | | શ્રી શંખેશ્વર પાર્શ્વ આરાધક ટ્રસ્ટ, (સાબરમતી, અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી પારસભાઈ અશ્વીનભાઈ શાહ (મરીનડ્રાઈવ) (કનાસાનો પાડો) | ૨૧,૦૦૦ | શ્રીમતી સુનીતાબેન નિતીનભાઈ ચોક્સી (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| | | શ્રી માતૃઆશિષ જૈન સંઘ (નેપયન્સી રોડ) | ૧૦,૦૦૦ |
| શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્વે. જૈન સંઘ ઉપાશ્રય (વાલકેશ્વર) | ૨૧,૦૦૦ | શ્રી મીશા તુષારભાઈ ઝવેરી (વિલેપાર્લા) | ૧૦,૦૦૦ |
| શ્રી મુલુંડ શ્વે. મુ. જૈન સંઘ અને ચેરીટીઝ (મુલુંડ) | ૨૦,૦૦૦ | શ્રી ચેતનભાઈ ગભરુચંદ શાહ (નિશાળનો પાડો) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## દાનનો મહિમાં

જરૂરિયાતમંદ વ્યક્તિને આપવામાં આવતું દાન તેને સાત્વિક દાન કરે છે. માત્ર નામ કે કીર્તિ પ્રાપ્ત કરવા માટે અપાતું દાન તેને રાજશી દાન કહે છે.

કોઈપણ વ્યક્તિ તેણે કરેલા આર્થિક ઉપાર્જનમાંથી અમુક હિસ્સો જરૂરિયાતમંદ વ્યક્તિને કે સેવા કરતી કોઈ સંસ્થાને દાન આપવાનો મહિમા વર્ણવ્યો છે.

દાન ઘણાં પ્રકારના હોય છે, અન્નદાન, વસ્ત્રદાન, ભૂદાન (જમીનનું દાન) રક્તદાન, વિદ્યાદાન, નેત્રદાન, અંગદાન વગેરે. એક યા બીજી રીતે દાન પ્રાપ્ત કરનાર વ્યક્તિ માટે તે આશીર્વાદરૂપ બની રહે છે, દાન આપનારને પણ પૂણ્ય પ્રાપ્ત થાય છે. નેત્રદાન અને અંગદાન દ્વારા તો ઘણાના જીવન બચી જાય છે. આ એકત્ર થયેલ દાનની રકમ દ્વારા કાર્ય કરતી સંસ્થાઓ નિઃસ્વાર્થભાવે સેવા કરે છે. અનાવૃષ્ટિ થઈ હોય કે અતિવૃષ્ટિ, ધરતીકંપ થયો હોય કે દુકાળ પડ્યો હોય. અકસ્માત થયો હોય, આફતો કુદરતી હોય કે માનવસર્જીત હોય પરંતુ સેવા કરતી સંસ્થાઓના કાર્યકરો ત્યાં દોડી જાય છે. દાનવીરો પણ આવા  સમયે દાનનો પ્રવાહ વહેતો કરી દે છે.

દાન આપવાથી કંઈક સારું કર્યું હોવાનો ભાવ વ્યક્તિને સંતોષ આપે છે. દાનના વિવિધ પ્રકાર છે. તેમ દાન આપવાની રીતો પણ ઘણી છે. જરૂરિયાતમંદ વ્યક્તિને આપવામાં આવતું દાન તેને સાત્વિક દાન કહે છે. માત્ર નામ કે કીર્તિ પ્રાપ્ત કરવા માટે અપાતું દાન તેને રાજશી દાન કહે છે અને ઘણીવાર બીજાઓ કરતાં વધારે દાન આપીને નામ મોટું બનાવવા માટે કે બીજા દાન આપનારને ઉતારી પાડવાના હેતુંથી દુષ્ટ વિચારો સાથે આપવામાં આવતું દાન તેને તામશી દાન કહે છે. આવું દાન ક્યારેય ઈશ્વરને સ્વીકાર્ય થતું નથી.

દાન આપવા માટે બાઈબલમાં લખ્યું છે કે, ''તું દાનધર્મ કરે ત્યારે જે તારો જમણો હાથ કરે તે તારો ડાબો હાથ ન જાણે. ''એટલે ગુપ્તદાનનો મહિમા બતાવ્યો છે. આજે સમાજમાં દાનની રકમ ઉપરથી વ્યક્તિની મહત્તા આંકવામાં છે. દાનની રકમ જેટલી મોટી તેટલું દાન આપનાર વ્યક્તિનું માન વધારે. તે વ્યક્તિ મોભાદાર ગણાય. ખરેખર તો વ્યક્તિની આવક કેટલી છે અને તેમાંથી તે કેટલું આપે છે તે  અગત્યનું છે.

એક ધર્મમંદિરમાં દાનની પેટી મૂકવામાં આવી. બધા તેમાં દાન નાખતા હતા. દાન નાખનાર ઘણા શ્રીમંત હતાં, ઘણાં મધ્યમવર્ગી હતાં તો ઘણા સાવ ગરીબ હતા. બધા પોતપોતાને યોગ્ય લાગે તે પ્રમાણે દાન નાખતા હતા. કેમકે તેમની પાસે અઢળક મિલ્કત હતી. એક વિધવા જેણે મુઠ્ઠીમાં બંધ દાન દાનપેટીમાં નાખ્યું. કદાચ તેને લાગી રહ્યું હતું કે બીજાની સરખામણીમાં તેનું દાન સાવ ઓછું છે. મનમાં શરમ પણ અનુભવાતી હશે. પરંતુ તેણે જે દાન આપ્યું તે આખા મહિનાની આજીવિકા હતી. મહિના દરમ્યાન પરસેવો પાડીને મેળવેલી મૂડી હતી. આખો મહિનો કેવી રીતે ગુજારીશ તેની લેશમાત્ર ચિંતા તેણે ન કરી અને તેનું દાન સર્વશ્રેષ્ઠ ગણાયું. પોતાનું હતુ તે સર્વસ્વ તેણે અર્પણ કર્યું હતું.

'દાન ન કરે તેનું ધન કાંકરા સમાન છે.' કબીરે સાચું જ કહ્યું છે.

*'પાની બાઢે નાવમે, ઘરમેં બાઢે દામ,*
*દોનો હાથ ઉલેચીએ, યહી સાધુકા કામ.'*

## સફળતાનો શોર્ટકટ નથી

જીવનમાં સફળતા મેળવવા માટેની પ્રથમ શરત એ છે કે, એક ચોક્કસ ધગશ હોવી જોઈએ. ધ્યેય નક્કી કરી લીધા પછી ત્યાં સુધી પહોંચવા માટે પરિશ્રમ મહેનત કે કાર્યની આવશ્યકતા હોય છે. કહેવાય છે ને કે, જગતમાં મહેનત વિના તો કશુંજ મળતું નથી. હા, એક વસ્તુ મળે છે ફક્ત ઘડપણ... મહેનત કે પરિશ્રમ વગર તો બાગમાં કાંટા ઉગી નીકળે છે પરતુ જો સારા રંગબેરંગી કે સુગંધી ફૂલો મેળવવા હોય તો એના માટે પણ ઘણી મહેનત કરવી પડે છે. આજે કરેલી એ મહેનત આવતી કાલના સપનાઓની એક સોનેરી ચાવી છે.

મહેનત એ એક એવી સોનેરી ચાવી છે, જે બધાજ ભવિષ્યના બંધ પડેલા દરવાજાને ખોલી નાખે છે એટલે જ તો કહેવાય છે ને કે, જો જિંદગીની મીઠાશ મણવી હોય ને તો જિંદગીમાં સૌથી પહેલાં કડવા અનુભવમાંતી પસાર થવું પડે છે. એટલે જ તો નિષ્ફળતા પણ એની પાછળ નથી ભાગતી જે પૂરા આત્મવિશ્વાસ સાથે પ્રયાણ કરે છે. અઢી અક્ષરનો શબ્દ છે ભાગ્ય, ત્રણ અક્ષરનો શબ્દ હોય છે નસીબ અને સાડાત્રણ અક્ષરનો શબ્દ હોય છે કિસ્મત. આ ત્રણેયને જોડતો એક ચાર અક્ષરનો શબ્દ હોય છે મહેનત. જો આપણે એવું વિચારીએ કે નસીબમાં હશે તો મળશે પરંતુ એ નસીબ, ભાગ્ય, કિસ્મત બધાને સાકાર કરવા માટે પહેલા મહેનત કરવી જ પડશે. જો આપણે આપણા લક્ષ્ય પર એટલું જીદી બની રહેવું જોઈએ કે જે આપણા કિસ્મતમાં નથી લખ્યું ને તેને પ્રાપ્ત કરવાની ઝંખનાને પણ મહેનત વડે સરળ બનાવી શકીએ છીએ.

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા દવા મેળવવાની નવી વ્યવસ્થા

**શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિ દ્વારા દવા વિતરણ યોજનામાં સમયે સમયે ફેરફાર કરવામાં આવે છે, જેથી સમાજના પરિવારોને દવા સહાય યોગ્ય રીતે મળી રહે. તા. ૦૧-૦૭-૨૦૨૫થી નીચે મુજબના ફેરફાર કરવામાં આવેલ છે, જેથી દવા મોકલનારને અને મંડળના કામકાજમાં સરળતા તથા સારું પરિણામ આપી શકાય.**

૧. દરેક અરજદારે દર મહિને તા. 15 થી 20 દરમ્યાન ડોક્ટરની દવાનું પ્રિસ્ક્રીપ્શન મોકલવાનું રહેશે જેની ઉપર અરજદારનું નામ હોવું જરૂરી છે, તથા પ્રિસ્ક્રીપ્શન છ મહિના જૂનુ ન હોવું જોઈએ. આપનું સરનામું, આપનો મોબાઈલ નંબર તથા હાલનો (પાટણ ફેમીલી આઈડી) ફરજિયાત લખીને મો. નં. 8286668666 ઉપર મોકલી આપવાનું તેની કોપી મંડળના મોબાઈલ નં. 9619723857 ઉપર પણ ફરજિયાત મોકલવાની રહેશે. તા. 20 પછીના કોઈપણ ઓર્ડરની દવા મોકલવામાં નહીં આવે.

૨. આપને આ નૂતન યોજના અન્વયે માત્ર બ્રાન્ડેડ દવાઓ, ઈન્સ્યુલીન, આઈ ડ્રોપ જ પ્રાપ્ત થઈ શકશે.

૩. આપની દવા ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન મુજબ જ આપવામાં આવશે તેની નોંધ લેવી.

૪. જ્યારે આપને દવા મળી જાય કે તુરતજ દવા સાથે આવેલ દવાનું બિલ મંડળના મોબાઈલ નં. 9619723857 પર ફરજિયાત મોકલવાનું રહેશે જેથી કરી મંડળને સપ્લાય કરેલી દવાનો હિસાબ કરવામાં સરળતા રહે.

૫. દવા સપ્લાયર મેડિસિમ્પલ દ્વારા આપના પ્રિસ્ક્રીપ્શન પ્રમાણે અંદાજે ત્રણ થી ચાર દિવસમાં દવાઓ આપને ઘરબેઠા પહોંચાડવામાં આવશે.

૬. ઘણા લોકો પ્રિસ્ક્રીપ્શન ડાયરેકટ સપ્લાયરને જ મોકલે છે મંડળના મોબાઈલ પર નથી મોકલતા જેથી હિસાબ કરવામાં બહુ તકલીફ પડે છે તો પ્રિસ્ક્રીપ્શન મંડળના મોબાઈલ ઉપર પણ મોકલવી ફરજિયાત છે.

❑ મેડિકલ સમિતિ

## સંસ્થા સમાચાર

પાટણ ઢંઢેરવાડામા ''શ્રી સરસ્વતી માતાજી''ની પ્રતિષ્ઠા ૨૦૨૩ના ડિસેમ્બર ''શ્રી ૪૫ આગમો''ની બહુમાન યાત્રા વખતે માતાજીની પ્રતિષ્ઠા કરાવવાનું એક સ્વપ્ન દ્રશ્યમાન થયું, જે માગશર સુદ ૩, વિ. ૨૦૮૧ ને તા. ૨૩-૧૧-૨૦૨૫ને રવિવારે સાકાર થયું.

ચરમ શાસનપતિ ''શ્રી વીર'' પ્રભુના જિનાલયમાં નૂતન ગોખલામાં મનમોહક શ્રી સરસ્વતી માતાજીની પ્રતિષ્ઠા તથા શ્રી ભગવતી સૂત્રની સ્થાપના કરવામાં આવી છે.

આ ઉપરાંત પ.પૂ. સાધ્વીજી શ્રી અમીતાશ્રીજી મ.સા. આદિ ઠાણા અને વિધિકાર શ્રી જીજ્ઞેશભાઈએ શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ ખૂબ હર્ષોલ્લાસથી લગભગ ૨૦૦ શ્રાવક-શ્રાવિકાઓની હાજરી સાથે આ શુભ કાર્ય સંપન્ન થયું, માતાજી સહિત શ્રુતજ્ઞાનની વાસક્ષેપ પૂજાનો લાભ સહુએ લીધો.

આ નિમિત્તે ઢંઢેરવાડાના ટ્રસ્ટીગણે પાટણમાં બિરાજતા પંડિતોનું બહુમાન કર્યું હતું.

શ્રી સિદ્ધહેમ જ્ઞાનખાતામાં પણ યથા યોગ્ય લાભ લઈને શ્રુતજ્ઞાનનું બહુમાન કર્યું હતું.

તો આપ સહુ ઢંઢેરવાડામાં પધારી ત્રણ અદ્ભુત જિનાલયોમાં દર્શન જ્ઞાન અને સ્થાયી ગુરુ મ.સા.ના વંદનનો લાભ લેશોજી.

## હૃદયપૂર્વક આભાર

શ્રી પાટણ જૈન સમાજના શ્રેષ્ઠીવર્યો, સમાજરત્ને, દાનવીરો, માનવકલ્યાણના મસીહા અને ધર્મપુરુષોનો....

જેઓએ શ્રી પાટણ જૈન સમાજમાં, સૌરભ મેડિકલ સેન્ટર, ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય, લોનાવાલા હોલિ ડે હોમ, લોનાવાલા નવગ્રહ જિનાલય, પાલીતાણા, સમ્મેતશિખરજી, અયોધ્યા યાત્રા પ્રવાસ - અનાજ રાહત, મેડિકલ, શિક્ષણ વિવિધ યોજનાઓમાં અવિરત દાનની ભાગીરથી વહાવીને સમાજ ઉત્કર્ષ માટે સાથ સહકાર આપ્યો છે

*I Love my Patan Better than my Family, but*

*I Love humanity better than my Mother Land....*

માનવતાના કાર્યોમાં આપ સર્વે દાતાઓનો – સ્વીકાર કરીએ છીએ.



## પાટણ જૈન મંડળ સંચાલિત કોલેજમાં સાયકોલોજી લેબનો પ્રારંભ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ અને પાટણ જૈન મંડળ, મુંબઈ સંચાલિત શ્રી બી.ડી.એસ. આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ પાટમ વર્ષ ૨૦૧૪ થી કાર્યરત છે. જેમાં આર્ટ્સ વિભાગમાં વિવિધ વિષયો જેવા કે અંગ્રેજી, ઈતિહાસ, ગુજરાતી, સંસ્કૃત ભાષા ભણાવવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી ૨૦૨૩થી મનોવિજ્ઞાન (સાઈકોલોજી) વિષય નવો દાખલ કરવામાં આવ્યો.

મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ જ્ઞાન હોવું ખૂબ જરૂરી છે જે સંદર્ભે **કોલેજમાં સાયકોલોજી લેબનો પ્રારંભ તા. ૧૧-૧૦-૨૦૨૫ના રોજ વસુમતીબેન સેવંતીલાલ કોલેજ ઓફ આર્ટ્સના પરિવારમાંથી શ્રી રવિભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી સોનલબેનના હસ્તે કરવામાં આવ્યો.** સાયકોલોજી વિભાગમાં અને પ્રયોગશાળામાં ચાલતા વિવિધ ઈન્સ્ટુમેન્ટ વિશે માહિતી લીધી અને કેટલાક પ્રયોગો કરી પ્રસન્નતા અનુભવી. **કોલેજના આચાર્ય કમલભાઈ પંડ્યા** અને સમગ્ર સ્ટાફ મિત્રો કાર્યક્રમમાં જોડાયા હતા. **શ્રી રવિભાઈ અને શ્રીમતી સોનલબેન** અધ્યાપક મિત્રોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.





## પાટણ જૈન મંડળ સંચાલિત કોલેજના વિવિધ કાર્યક્રમોની ઝલક

### ૧૫ ઓગસ્ટ ત્રિવેણી સંગમ કાર્યક્રમ

૧૫ ઓગસ્ટ સંદર્ભે ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજવામાં આવ્યો તિરંગા યાત્રા - વકૃત્વ સ્પર્ધા - દેશભક્તિ ગીત સ્પર્ધા કાર્યક્રમનું આયોજન કોલેજમાં કરવામાં આવ્યું જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રેલી કોલેજી કેમ્પસથી પાટણના વિવિધ વિસ્તારોમાંથી પરત કોલેજમાં આવી હતી. કાર્યક્રમ N.S.S. વભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. પારસભાઈ ખમાર દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કા. આચાર્ય ડૉ. કમલભાઈ પંડ્યાએ શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેશભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યો હતું. કાર્યક્રમની આભાર વિધિ નૈમેષભાઈ જાની દ્વારા કરવામાં આવી હતી.






## પ્રવેશોત્સવ કાર્યક્રમ



વર્ષ ૨૦૨૪-૨૫માં બી.એ.બી. કોમર્સ, બી.એસ.સી ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ રાખવામાં આવ્યો જેમાં કોલેજ આચાર્ય ડૉ. કમલભાઈ પંડ્યાએ કોલેજના નિયમો વિશે વાત કરી હતી. ડૉ. રોશનીબેન સાયન્સના વિષયને લઈને વાત કરી હતી. ડૉ. અર્પિતાબેન પટેલે કોમર્સના વિષયોને લઈને અને ભવિષ્યમાં થતાં લાભ વિશે વાત કરી હતી. આઠ વિભાગના અધ્યક્ષ ડૉ. પારસભાઈ ખમાર દ્વારા આર્ટ્સના વિષય તેનું મહત્વ તેમજ કોલેજમાં ચાલતી અભ્યાસની સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની વાત કરી હતી. N.S.S. એ ભાગની માહિતી આપી દીધી.

અધ્યાપક મિત્રોએ નવા આવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને મોઢુ મીઠુ કર્યું હતું.

## ઉતરાણ પર્વ નિમિત્તે જીવદયા કાર્યક્રમ

કોલેજના N.S.S. ના ૨૫ વિદ્યાર્થીઓ દ્વારા પાટણ શહેરના વિવિધ માર્ગમાં ઉતરાણના પ્રવ નિમિત્તે વધેલી દોરી જે પક્ષીઓને વીટળાય પક્ષીઓ ઘાયલ થાય મૃત્યુ થાય આ પરિસ્થિતિ ન સર્જાય તેના માટે આ દોરીઓને પાટણ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ભેગી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ યુનિવર્સિટીના N.S.S. કોઓર્ડીનેટર કમલેશભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે પ્રોગ્રામ ઓફિસર ડૉ. પારસભાઈ ખમાર જોડાયા હતા.




## રોજગારી કાર્યક્રમ

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન પાટણ અને શ્રી બી.ડી.એસ. આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજ પાટણના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તે હેતુથી એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં સરકારની વિવિધ તથા એલ.આઈ.સી. દ્વારા દીકરીઓને મહિને ૭,૦૦૦/- નું વેતન કેવી રીતે મળે તે વિશે એલ.આઈ.સી. વિભાગ અધિકારી ભાર્ગવભાઈ જોશી દ્વારા આપવામાં આવ્યું હતું. કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## સમૃદ્ધ પાટણ સમાજની મેડિકલ યોજના

### -: રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

દિન-પ્રતિદિન વૈદકીય સારવાર, હૉસ્પિટલનો ખર્ચો તેમજ હૃદયરોગ, કિડની, લિવર, પેરેલિસિસ જેવા વધુ લાંબા રોગોની સારવારનો ખર્ચો ખૂબજ વધારે પડતો આવે છે, મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાના સ્વજનને સારી અને વ્યવસ્થિત સારવાર કરવા માટે આપણા સમાજ પાસે મદદ લેવા અરજીઓ કરવી પડે છે, તેમના મોટી રકમના બિલો ચૂકવવામાં અને તેઓને થોડી રાહત આપવા આપણા સમાજના શ્રીમંત પરિવારો હંમેશા તૈયાર રહે છે તે ખૂબજ અનુમોદનીય બાબત છે.

આ યોજના અંતર્ગત સમાજના વધુને વધુ પરિવારો જોડાય તેવા શુભ આશયથી **''રૂા. એક લાખની પૂરક મેડિકલ સહાય સ્કીમ''** શરૂ કરી છે. આશા છે કે આપણા જ સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય આપવામાં જરૂરથી પ્રોત્સાહન આપીને માનવસેવાના કામમાં સાથ-સહકાર આપશો.

સમાજના નીચે મુજબના દાનવીરો દ્વારા આ યોજનામાં સ્વૈચ્છિક રીતે જોડાઈ અમોને પ્રોત્સાહન પુરુ પાડેલ છે, તે બદલ તેઓ સહુ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

(૧) શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
(૨) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
(૩) શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
(૪) શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો)
(૫) શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
(૬) શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
(૭) શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
(૮) શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)
(૯) શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
(૧૦) શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
(૧૧) શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)
(૧૨) શ્રી રમેશચંદ્ર મોતીલાલ શાહ (કટકિયા વાડો)
(૧૩) શ્રીમતી ચંપાબેન ભાખાભાઈ સાલવી (સાલવી વાડો)
(૧૪) શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ (ખજુરીનો પાડો)
(૧૫) શ્રીમતી સુશીલાબેન બાપુભાઈ શાહ (મલ્લાતનો પાડો)
(૧૬) શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)
(૧૭) શ્રી પ્રફુલભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)
(૧૮) શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી (કુંભારીયા પાડો)
(૧૯) શ્રીમતી માધવીબેન હિતેનભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)
(૨૦) સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
(૨૧) શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

**ખાસ નોંધઃ**

(૧) આ યોજનામાં દાન આપનાર દરેક દાતાઓનો એક ફોટો દાનની રકમ પ્રાપ્ત થયા બાદ પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં છાપવામાં આવશે જે વિદિત થાય.

(૨) સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમટેક્ષ કાયદા કલમ ૮૦જી (80G) અન્વયે ૫૦ ટકા (50%) કરમુક્તિને પાત્ર છે.

## લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કોસાંબી - વારાણસીની કુલ ૩૮ કલ્યાણક ભૂમિની પંચતીર્થ યાત્રા પ્રવાસ



**યાત્રા પ્રવાસમાં રૂા. ૫૧ લાખના દાતા શ્રી**
**શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)**

## યાત્રા પ્રવાસના રૂા. ૧૫ લાખના સૌજન્ય દાતાશ્રીઓ :-



શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ
(માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)



શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી
પરિવાર (સાલવી વાડો)



શ્રી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ
પરિવાર (કનાસાનો પાડો)



શ્રી સુધાબેન દિનેશભાઈ શાહ
પરિવાર (પોળની શેરી)



શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી
પરિવાર (મનમોહનજીની શેરી)



શ્રીમતી બીનાબેન પંકજભાઈ શાહ
પરિવાર (પોળની શેરી)



શ્રીમતી ચારુબેન રાજેન્દ્રભાઈ ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ
(કપુરમહેતાનો પાડો)



શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
પરિવાર (કુંભારીયા પાડો)



શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ
પરિવાર (ખેતરવસી)



શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ
પરિવાર (કનાસાનો પાડો)

## કામકુંભ કે કામકુંભ બનાવવાની કળા ?

એક ગામના એક યુવાનને અઢળક સંપત્તિ ભેગી કરવાની ઈચ્છા હતી, પણ તે માટે તો કેટલી મહેનત કરવી પડે, તેથી તે કોઈ નવો જ રસ્તો વિચારતો હતો, ત્યાં તેને સમાચાર મળ્યા કે ગામની બહાર જંગલમાં કોઈ સંન્યાસી ઝૂંપડીમાં રહે છે, તેમની પાસે કામકુંભ છે, તે કામકુંભ પાસે જે કોઈપણ ઈચ્છા કરવામાં આવે તે શીઘ્ર પૂર્ણ થાય, આ સાંભળી યુવાનને તો મઝા આવી ગઈ, સહજ વિચારતો રહ્યો કે આવો કામકુંભ મલી જાય તો કામ થઈ જાય, તે સંન્યાસીને શોધવા જંગલ તરફ ચાલવા લાગ્યો, જો કે ચાલતા - ચાલતા વિચારો કરવા લાગ્યો કે, શું ખરેખર તેમની પાસે કામકુંભ-ઈચ્છાકુંભ હશે ? હશે તોય સંન્યાસીને તેનાથી શું મતલબ ? તેથી હું જ લઈ લઉ, એમ વિચારીને તે આગળ વધ્યો, ફરી પાછો નવો વિચાર આવ્યો કે, જો તેમની પાસે ખરેખર હશે તો તો તેમણે ઝૂંપડીનો મહેલ બનાવી જ લીધો હશે, મન છે ને ! કંઈ ને કંઈ વિચાર કર્યા જ કરે.

આખરે તે મહાત્મા પાસે પહોંચ્યો, ત્યાં ઝુંપડી જ હતી, મહાત્માની સેવા કરવા રોકાયો, બે-ચાર દિવસ ખૂબ સેવા કરી, આખરે સેવા પણ સ્વાર્થ માટે તો નથી કરતા ને ? અને વાત વાતમાં તેણે પૂછી લીધુ કે ''શું આપની પાસે કામકુંભ છે ?'' સંન્યાસીએ ''હા'' કહી, એમ કે જો ના હોય તો વધારે સેવા કરવાથી શું મતલબ ? તેણે બતાવવાનું કહ્યું, મહાત્માએ બતાવ્યો, સાચો છે કે ખોટો તે જાણવા તે કામકુંભ પાસે જ લીંબુ શરબત માંગ્યું. તરત હાજર, હવે તેણે મધુરી ભાષામાં આ કામકુંભ લેવાની ઈચ્છા વ્યક્ત કરી, આપણને પણ કામ હોય ત્યારે કેવી મીઠી મીઠી ભાષા આવડતી હોય છે, મહાત્માએ સરસ પ્રશ્ન પૂછ્યો કે, તારે કેમ આ કામકુંભ જોઈએ છે ? મારે ખૂબ સંપત્તિ જોઈએ છે, એટલા માટે, તારે સીધી સંપત્તી જ જોઈએ છે કે સંપત્તિ મેળવવાની વિદ્યા જોઈએ છે ? યુવાન વિચારમાં પડ્યો કે સંપત્તિ મેળવવાની વિદ્યા મળશે પછી સંપત્તિ મેળવવાની માથાકૂટ ઘણી થશે, તેથી સીધી સંપત્તિ મેળવવા માટે જ કામકુંભ માંગી લઉ, માનવમન કેવું હોશિયાર હોય છે, સંન્યાસીએ તેને વિદ્યા માટે સમજાવ્યો, પણ ના માન્યો, આખરે ગમે તેમ માનવીને કામકુંભ લઈને જ ગયો.

કામકુંભ લઈને ઘર તરફ જઈ રહ્યો હતો, ખૂબજ ખુશખુશાલ હતો, જાણે કરોડો-અબજોની સંપત્તી હાથમાં જ દેખાતી હતી, ખુશી ખુશીમાં માર્ગ પરનો પથ્થર તેને ન દેખાયો, પત્થર સાથે અથડાયો અને હાથમાં રહેલો માટીનો કામકુંભ નીચે પડી ગયો, ફૂટી ગયો, બિચારો અફસોસ કરવા લાગ્યો, પાછો સન્યાસી પાસે આવ્યો, ફરી કામકુંભ આપવાની વાત શરમાતા શરમાતા કરી, જો કે સન્યાસીએ ઉદારતા રાખી, સદ્‌ગુરુના હૃદયમાં તો ઉદારતા જ હોય ને ! તેમણે આ વખતે બીજો પ્રસ્તાવ મુક્યો કે, તારે કામકુંભ જોઈએ છે કે કામકુંભ બનાવવાની વિદ્યા જોઈએ છે ? પાછો તેને એ જ વિચાર આવ્યો કે કામકુંભ બનાવવાની કોણ જફા કરે, તેથી તેણે સીધો કામકુંભ જ માંગ્યો, સન્યાસીએ આપ્યો, ફરી તે લઈને જતો હતો, ને ત્યાં ફરી ઠેસ વાગી, કુંભ પડ્યો અને ફૂટી ગયો, યુવાન પાછો રડતો રડતો સંન્યાસી પાસે આવ્યો, કેવો બેશરમ છે ! જો કે તે પાછો આવ્યો, પણ ત્યાં ન તો કોઈ ઝૂંપડી હતી કે ન તો કોઈ સંન્યાસી હતા.

આપણે આવા મૂર્ખ ના બનીએ, સફળતા અને સંપત્તિને જ મેળવવા કરતા, તેને મેળવવાની વિદ્યા મેળવીએ, જેથી કદાચ તે કુંભ તૂટશે તો ફરી બનાવી શકાશે અને સૌથી મહત્વની વાત કે, આ યુવાનને તો બે વાર તક મળી, આપણને સારી તક બીજી વાર ક્યારેય મળતી નથી હોતી, તેથી જે તક મળે તેને વધાવીને આગળ વધવાનું છે.

અસ્તુ

## સંઘરેલું પણ જશે

ઉદાર દિલ રાજાની આ વાત છે. દાન દેવાની એક પણ તક ન છોડે.

પણ મંત્રી વિચક્ષણ અને વ્યવહારુ. એને રોજ એમ થાય કે આમ જો ચાલુ રહેશે તો રાજ્યની તિજોરી ખાલી થઈ જશે અને તળિયું દેખાશે. રાજાની ઉદારતા જોઈ કહેવાની હિંમત ન થાય, રાજાને કેમ કહેવાય ? અણગમતું બોલીને અવિનય પણ કેમ કરાય ? છતાં મનમાં હામ ભીડી અને રાજનની નજર પડે તેવી રીતે મહાલયની દીવાલ પર મોટા અક્ષરે લખ્યું:

**आपदर्थे धनं रक्षेत्।** (આપત્તિ વેળાએ કામ આવે માટે ધન દોલત બચાવવાં.)

રાજાની આ અક્ષરો પર નજર પડી. મંત્રીની ચિંતા પણ સમજાઈ. રાજાએ એ લીટીની નીચે જ બીજી લીટી લખી:

**महतां आपदः कुतः।।** (મહાન વ્યક્તિને આપત્તિ ક્યાંથી આવે ?)

મંત્રીને જવાબની આશા હતી, પણ આવા જવાબની નહીં. એટલે મંત્રીએ ત્રીજી લીટી લખી :

**कदाचित् कुप्यते दैवः।** (કદાચ દૈવ રૂઠે પણ ખરો)

રાજા આ વાંચી રાજી થયા ચોથું ચરણ સ્ફુર્યું. સ્વભાવ અને રુચિ તો દાન આપ્યા કરવામાં હતાં જ, એને જ સર્વોપરિ માનતા. એમણે ચોથી લીટી લખી.

**सञ्चितोऽपि विनश्यति।।** (ત્યારે સંઘર્યું પણ નાશ પામે છે)

સુજ્ઞ મંત્રીશ્વરે આ વાંચ્યા પછી મૌનનો જ સહારો લીધો. જેનામાં દાનની સહજ ભાવના હોય તેને આપવાનો જ પક્ષ હોય છે...

# વૃદ્ધાવસ્થાનો વલોપાત

મનભાવતું પેટ ભરીને ખવાય તે યુવાની અને તમને ફાવતું ખવાય તે વૃદ્ધાવસ્થા કહેવાય. ઘરમાં રહેવાનો કંટાળો આવે અને બહાર જવામાંય થાક લાગે એ વૃદ્ધાવસ્થા કહેવાય. માનવીને પોતાના ઘરમાં પણ જ્યારે પારકાપણું લાગે તેને વૃદ્ધાવસ્થા કહેવાય.

બચપણમાં જે દીકરીને મા-બાપ બોલતાં શીખવે છે એ જ દીકરા મોટા થઈ ઘરડા માબાપને ચૂપ રહેવાનું શીખવે છે બાપની આંખમાં બે વખત આંસુઓ ઉભરાઈ આવે છે. એક તો પોતાની દીકરી સાસરે જાય ત્યારે અને બીજું પોતાનો દીકો મોં ફેરવી લે ત્યારે.

વૃદ્ધાવસ્થાની બંધ આંખોની પાછળ કરૂણ વેદના હોય છે. મોં પર અંકાયેલી વેદના અદ્રશ્ય હોય છે. એક સમયે પક્ષીઓના કલરવમાં નવ પલ્લવિત લીલુછમ વૃક્ષ બુઠ્ઠુ ને ઠુઠું બનીને ઊભું હોય છે. આ કેવી કમનસીબીની વાત છે કે જે દેશની પ્રજાને ઋષિમુનિઓએ ''માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'' એવાં સૂત્રો આપ્યા. એ જ દેશની નવી પેઢીના કોઈ યુવાનો કે યુવતીઓ દેવ સમાન માતાપિતાને ઘરની બહાર કાઢવા લાગ્યાં છે. માતાપિતાના અનગણ ઉપકારોનો બદલો આવી કૃતઘ્નતા દ્વારા આપી રહ્યા છે.

કટાઈ ગયેલા, ઘસાઈ ગયેલા કે વપરાઈ ગયેલા વાસણોને લોકો એક ખૂણામાં કોથળો ભરીને રાખી મૂકે, પછી કંસારાને ત્યાં એ ભંગાર દઈ આવે તેમ આખી જિંદગી પુત્રપરિવાર માટે પોતાની કાયા ઘસી નાખી હોય એવા વૃદ્ધોને આજના ફેશનેબલ યુવાનો ભંગાર વાસણની પેટે વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે.

વૃદ્ધોએ જીવી જાણ્યું છે તો તેવા લોકોને જીરવી તો જાણો ! આજના યુવક યુવતીઓ એમજ માને છે કે ઘરડાઓને સાથે રાખવાથી આપણો મોભો ઘટી જાય છે. ઘરડાઓ તો અલગ જ સારા. ''હું અને મારી વહુ એમાં આવી ગયા સહું.'' આ સૂત્રને અનુસારે આજે ચાલનારા ઘણા છે પરંતુ ખરેખર તેમણે વૃદ્ધ માતાપિતાના ઉપકાર ભુલવા ન જોઈએ ને એમણે સાચવવા જોઈએ. પોતાને પણ વૃદ્ધાવસ્થા આવવાની છે. એનો પણ વિચાર કરવો. ''કરશો એવું પામશો'' એ ન ભુલવું.

બીજી બાજુ વૃદ્ધોએ પણ મનમાં વિચારવું જોઈએ કે શરીર ધ્રુજતું હોય, વા ની તકલીફ હોય, બીમાર અવસ્થાને કારણે અશક્ત બન્યા હોઈએ. ઘરમાં પુત્રો વહીવટ લેતા ઉતાવળા થતાં હોય, વૃદ્ધોનું પણ પરિવારને પસંદ પડતું ન હોય, જૂનું ઘર થાય એટલે ગાબડા પડે તેમ વૃદ્ધાવસ્થામાં કાને બહેરાશ આવે, ટેકા વિના ચલાય નહીં. આવે સમયે ચેતી જવું જોઈએ. અંતે ચેતે તે જીતે અને ફવડાવતાં શીખે એ ફાવે. જ્યાં સુધી ''વૃદ્ધોના હાથમાં કૂંચી ત્યાં સુધી તેની વાત ઊંચી.'' હાથમાંથી વ્યવહાર છૂટે ને શરીર લથડે પછી કોઈ ભાવેય પૂછે નહીં.

આજે તો સંસારમાં બધો સ્વાર્થનો સંબંધ થઈ ગયો છે. ''ગરજ સરી એટલે વૈદ્ય વેરી''.

બચપણમાં કે યુવાનીમાં જેઓએ પોતાના માબાપના કે વડીલોના, પરિણિત બહેનોએ સાસુના હુંકારા તુકારા તેમજ સલાહ સૂચન કે માન-અપમાનને સહન કર્યા નથી, તેઓના જીવનમાં જ્યારે દુઃખો કે મુસીબતો સહન કરવાના પ્રસંગો આવે છે ત્યારે તેઓ ભાંગી પડે છે. ન કરવાનું કરી બેસે છે. સરકસમાં હાથી, ઘોડા કે સિંહનેય તાલીમ આપીને કેળવવા પડે છે. તેમ ઉપરની ન ગમતી બાબતો એક રીતે આ તાલીમ જેવી છે. તાલીમ ન લે તે સંસારના સરકસમાં કામ લાગતાં નથી. નિષ્ફળ નિવડે છે. તેવું જ વૃદ્ધોનું પણ છે.

માણસની ઉંમર ૮૦ વર્ષની થાય ત્યારે તૃષ્ણાને જોબન આવે છે અને તે ૩૦ વર્ષની બની જાય છે જેથી વાસનિક મનથી થઈ શકાતું નથી અને પચતું નથી તો પણ ફાફડા અને જલેબી વગર એને ચાલતું નથી. હોકો, ચા, કોફી કે કેફી પીણા પીતા થઈ જાય છે. આઈસ્ક્રીમમાં એને જીવનનું ક્રીમ દેખાય છે. આનું શું પરિણામ આવે. અને વ્યાધિઓને નિમંત્રણ, હજારો રૂપિયાના ડોક્ટરોના બીલ, સ્વજનો માથે રાતદિવસ આવી પડતી સેવાચાકરીની આફત અને અંત રામ બોલો ભાઈ રામ. માટે વૃદ્ધોએ સત્વરે ચેતવા જેવું છે.

પુત્રાદિક ન ઈચ્છતા હોય તોય સલાહ દેવાનું, તેનું પાલન ન દેખાય તો ટકટક કરવાનું ચાલું જ હોય. આ બધું નિષ્ફળ જ હોય. ટકોર તો ક્યારેક જ અને ઈશારારૂપ જ હોય તો જ સફળ થાય. જિંદગી તો લીંબોળીના ઝૂમખા જેવી છે. કેટલીક મીઠી હોય તો કેટલીક કડવી. કુટુંબમાં કોઈ પ્રેમ કરે તો સમજવાનું કે એ મીઠી લીંબોળી છે ને કોઈ કોચવે તો માનવું કે તે કડવી છે. તેનાથી દુઃખી થયા વગર સમજણથી સુખિયા રહેતા શીખવું.

વૃદ્ધાવસ્થામાં સંબંધોના બધા કનેક્શન કટ કરી નાખવા જોઈએ. મગજ પરની બધી ચિંતાઓ ફેંકી દેવી જોઈએ. વૃદ્ધાવસ્થા આવે એટલે આપણે મૃત્યુને માંડવે બેઠા છીએ તેમ સ્પષ્ટ સમજી લેવું જોઈએ. માથાના વાળ સફેદ બનાવીને, માથે ટાલ પાડીને શરીરમાં કોઈ રોગ આપીને પ્રભુ આપણને ચેતવણી આપે છે.

ચલચિત્ર જોતા પ્રેક્ષકો ધ એન્ડ આવતા થિયેટર છોડવા માંડે છે. કિનારે દેખાતાં નાવિકો સઢ સંકેલવા માંડે છે. સંધ્યાકાળ થતાં પંખીઓ માળા તરફ વળવા માંડે છે. બસ, આવી જ રીતે વૃદ્ધાવસ્થાના ચિહનો કે તેની અસર જણાતા મનને સાંસારિક પદાર્થોથી તથા સગાંસંબંધીઓની મમતાથી પાછું વાળી ભગવત્ સ્મરણમાં વાળી લેવું જોઈએ. ઉપર મુજબ વૃદ્ધોને ચેતવાની અને સમજણથી રહેવાની વાત કરી. જેથી તેમનું મૃત્યુ બગડે નહીં ને જીવનમાં શાંતિથી ભક્તિ થાય. પરંતુ વૃદ્ધો સ્વાભાવિક પ્રવૃત્તિ છોડી ન શકે કે વૃદ્ધાવસ્થાને લીધે અમુક પ્રકારની સેવાની તેમને જરૂર હોય ત્યારે પુત્ર પરિવારે પણ તેમની ફરજ ચૂકવી ન જોઈએ. હસતે મુખે માતાપિતા તેમજ વડીલોની સેવા કરવી જોઈએ. તેમને આદરભાવથી સાચવવા જોઈએ.

અસ્તુ

TOGETHER WE WILL
TAKE JAIN FAMILY
HEALTH CARE TO NEXT LEVEL

# OUR NEW PROJECTS


## Saurabh Medical healthcare

| ₹ 40 Cr | 8000+ | 25000+ |
|---|---|---|
| Total Project Size | Jain Families to Benefit | Indian Families of Goregaon get Benefit |

## SERVICES

- Pathology
- X-Ray
- Physio
- Sonography
- Reception
- Conference Room
- General Surgery
- Internal Medicine
- Ayurvedic
- Mammography
- General Consulting
- Cardiology Division & Consulting
- Dentist
- ENT
- Diabetes
- Ophthalmology
- Orthopedic
- Homeopathy
- Dermatology
- Pediatric

## WE WELCOME DONORS FOR THE FOLLOWING DEPARTMENTS




### Upcoming Donation Department List

| Department / Facility | Estimated Cost |
|---|---|
| Cath-Lab (Angiography/Angioplasty) | 15 Cr |
| Ophthalmic OT | 2 Cr |
| ICU Department (6 Beds) | 2 Cr |
| ICU Department (4 Beds) | 1.5 Cr |
| Reception Hall | 1.5 Cr |
| Super Deluxe Room | 1 Cr |
| Dental Department | 1 Cr |
| ENT Department | 1 Cr |
| Deluxe Room | 0.75 Cr |
| Paediatric Department | 0.5 Cr |
| Homeopathy | 0.5 Cr |
| Ayurvedic | 0.5 Cr |
| Twin Sharing Room No -1 | 0.5 Cr |
| Twin Sharing Room No -2 | 0.5 Cr |
| Twin Sharing Room No -3 | 0.5 Cr |
| Doctor's Rest Room | 0.5 Cr |

### BENEFITS OF SCHEMES

- 2 Years span to complete the payment.
- Max benefit Under 501C(3)
- Department to be named after your proposed name.

# શ્રી પાટણ જૈન મંડળ - સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | | |
|---|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT** | Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT** | Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY** | Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT** | Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT** | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT** | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE** | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY** | Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT** | Smt. Geetaben Rakeshkumar Shah - D/o. Shri Seventilal Khemchand Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT** | Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 1 Cr | **PHYSIOTHERAPY** | Matushri Vimlaben Kantilal Shah - Matushri Champaben Nemchand Shah (Disawala)<br>Haste: Smt. Gunvantiben Arvindbhai Shah (USA) |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE** | Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE** | Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM** | Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM** | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT** | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING** | Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE** | Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |

**50 Lc** — **DIABETIC DEPARTMENT**
Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah

**50 Lc** — **DERMATOLOGY DEPARTMENT**
Shri Narendrabhai Kantilal Khandwala (USA)

**25 Lc** — **DR. REPORTING ROOM**
Smt. Bhanuben Sureshchandra Himatlal Shah
Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben

**25 Lc** — **WAITING AREA**
Shri Shirishbhai Mafatlal Zaveri
Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar

**25 Lc** — **RECEPTION ROOM**
Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)

**25 Lc** — **CONFERENCE ROOM**
Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara

**25 Lc** — **OPG SECTION**
Smt. Pravinaben Mahendrabhai Sandesara
Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara

**25 Lc** — **GASTROENTEROLOGY**
Shri. Jatinbhai Bhagwandas Shah
Haste: Smt. Ninaben Jatinbhai Shah

**25 Lc** — **CHEST MEDICINE**
Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani

**25 Lc** — **GERIATRIC DEPARTMENT**
Smt. Kinnariben Dipakbhai Shah

**25 Lc** — **ALZHEIMER & DEMENTIA**
Smt. Kiranben Pravinbhai Shah (USA)

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367



PATOLA
BY NIRMAL SALVI
Original GI 232 Certified Patan Patola Sarees, Dupattas, Lehengas, Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear & Bandhani.
Ahmedabad
A-104, Stellar, 1st Floor
Sindhu Bhavan Road,
Bodakdev, Ahmedabad - 380054
+91 9700749000/ 9879128888
Delhi
D-9, Block-D, Defence Colony,
Delhi - 110024
+91 9824884884
Mumbai
Shop no 1 B, GF,
72-Bhulabhai Desai Road,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
+91 9819928299
patola_bynirmalsalvi
ADVT


ADVT
sheetal PATOLA
Sunil Salvi
PATAN
Motisha Darwaja, Saibaba Mandir Road, Patan. (N.G)
Gujarat - 384265
+91 98259 86863
+91 98243 30799
AHMEDABAD
109, Stellar, Sindhu Bhavan Road, Bodakdev, Ahmedabad,
Gujarat - 380054
+91 98246 48623
+91 97370 48800
sheetalpatolabysunilsalvi
DOUBLE IKAT PATAN PATOLA SAREES & DUPATTAS | SEMI IKAT PATOLA
SINGLE IKAT PATOLA | ACCESSORIES | MENSWEAR | LEHENGA & BANDHANI

# સાભાર સ્વીકાર

**યાત્રા પ્રવાસ ભેટ :**

૫૧,૫૨,૪૧૦/- શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

૧૦,૦૦,૦૦૦/- શ્રી પંકજભાઈ નેમચંદ શાહ (પોળની શેરી)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ :**

૨૬,૮૨,૫૦૦/- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (મહાદેવાજીની શેરી)
માતુશ્રી ચંપાબેન નેમચંદ સાહ (ડિસાવાળા) (કનાસાનો પાડો)
હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (USA)

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૭,૫૦,૦૦૦/- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (ભાભાનો પાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ઝભલાવાલા) (મહાદેવાજીની શેરી)

૧,૦૦,૦૦૦/- શ્રી પ્રફુલભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાલા) (મહાદેવાજીની શેરી)

૪૫,૦૦૦/- શ્રીમતી મણીબેન કેશવલાલ સાલવી (સાલવી વાડો)

**અનાજ વિતરણ ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રીમતી પ્રવિણાબેન તથા શ્રી મહેન્દ્રભાઈ મફતલાલ સાંડેસરા - પૌત્ર ચિ. ધૈર્ય તથા માનષીની લગ્નની ખુશાલી નિમિત્તે (કેશુશેઠનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ (ઝવેરી વાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી મધુબેન વર્ધમાન સાંડેસરા (કેશુશેઠનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી પરેશાબેન પ્રકાશભાઈ શાહ
હ. શ્રીમતી જીનલ હર્ષિતભાઈ શાહ (લખિયારવાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૨,૫૦,૦૦૦/- શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ

**દિવ્યાંગ ઉત્કર્ષ સહાય ભેટ :**

૫,૦૪,૦૦૦/- શ્રી પાટણ જૈન દેરાસર ટ્રસ્ટ (ખેતરપાળનો પાડો)

૯,૦૦૦/- શ્રીમતી નયનાબેન કીરીટભાઈ શાહ

૫,૦૦૦/- શ્રી શ્રેયા ચીરાગ મુલતાની

**વૃદ્ધજન સહાય ભેટ :**

૧૧,૦૦૦/- સ્વ. શ્રી અશોકભાઈ અંબાલાલ ચોક્સીના સ્મરણાર્થે. હ. શ્રીમતી હીનાબેન અશોકભાઈ ચોક્સી (ઝવેરીવાડો)

**લોનાવાલા જિનાલય ભેટ (દેવદ્રવ્ય ભેટ) :**

૩૬,૦૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ

૧૮,૦૦,૦૦૦/- શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ રતનનગર બોરીવલી

૨,૫૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ જયંતિલાલ શાહ (મહાદેવાજીની શેરી)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | ખેતરપાળનો પાડો | કીરીટકુમાર પ્રતાપચંદ શાહ | ૭૭ | બોરીવલી | ૧૮-૧૧-૨૫ | કારતક વદ ૧૩ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | ભદ્રેશભાઈ લક્ષ્મીચંદ શાહ | ૭૧ | કાંદિવલી | ૨૫-૧૧-૨૫ | માગશર સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | સિદ્ધચક્રની પોળ | અરૂણાબેન જિતેન્દ્રભાઈ શાહ | ૮૩ | ગોરેગામ | ૨૮-૧૧-૨૫ | માગશર સુદ ૦૮ |
| વિશા પોરવાળ | લખિયારવાડો | રજનીકાંતભાઈ કેશવલાલ શાહ | ૮૫ | વિલેપાર્લા | ૨૯-૧૧-૨૫ | માગશર સુદ ૦૯ |
| વિશા પોરવાળ | ઝવેરી વાડો | પ્રેરણાબેન યોગીનભાઈ શાહ | ૭૬ | બોરીવલી | ૦૨-૧૨-૨૫ | માગશર સુદ ૧૨ |
| દશા શ્રીમાળી | વસાવાડો | મંજુલાબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૧ | મરીનડ્રાઈવ | ૦૯-૧૨-૨૫ | માગશર વદ ૦૫ |
| વીસા પોરવાળ | કનાસાનો પાડો | નીલાબેન પિનલભાઈ પરીખ | ૬૩ | ગોરેગામ | ૧૬-૧૨-૨૫ | માગશર વદ ૧૨ |
| દશા પોરવાળ | ઝવેરી વાડો | અશોકભાઈ અંબાલાલ ચોક્સી | ૭૯ | મરીનડ્રાઈવ | ૧૬-૧૨-૨૫ | માગશર વદ ૧૨ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

PATAN PRATIBIMB • December 2025 • PRICE Rs. 2/- • PRGI. Regd. No. MAHGUJ/2006/18379

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

## જીવન નિર્વાહ સહાય તથા સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૨૨ લાખના દાતા**

૧. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૩. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૫. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૭. શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL - 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020 and Printed - NITIN JAYCHAND BADANI, Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,